**સુવિચાર**

''જીવન છે ત્યાં સુધી પ્રેમથી રહીએ, પછી ફ્રેમમાં જ રહેવાનું છે.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૫/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ વદ–૭ વર્ષ : ૧૭ અંક : ૧૨૪


## મનફાવે તે રીતે વાહનો ચલાવો, ગમે ત્યાં રેંકડી, કેબિન લગાવો, આડેધડ વાહનપાર્ક કરો કોઈ પુછવાવાળુ નથી

# સબ ભૂમિ ગોપાલ કી : અમરેલીમાં વિકરાળ બનતી ટ્રાફિક સમસ્યા

**શહેરમાં ચોરેને ચોકે ટ્રાફિક વિભાગનાં કર્મીઓ હોવા જોઈએ તે પણ ગોત્યા જડતા નથી**

**અમુક ચોક ઉપર ટ્રાફિક જવાન હોય પણ તેઓ મોબાઈલમાં વ્યસ્ત જોવા મળે**

**ભીડભંજન ચોક, ડો. જીવરાજ મહેતા ચોક, નાગનાથ ચોકથી લઈને સરદાર સર્કલ સુધી ભયાનક સમસ્યા**

**દર મહિને ટ્રાફિક સુવિધા આપવા માટે લાખો રૂપિયાનો પગાર ખર્ચ છતાં જનતાને સુવિધા મળતી નથી**







અમરેલી, તા. ૮

અમરેલી શહેરમાં દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકરાળ બની રહી છે. શહેરનાં ભીડભંજન ચોક, ડો.જીવરાજ મહેતા ચોક, નાગનાથ ચોક, હરિરામબાપા ચોકથી સરદાર સર્કલ સુધી, લાયબ્રેરી ચોક, હરિરોડ, શાક માર્કેટ વિસ્તાર, જુના માર્કેટયાર્ડ સહિતનાં વિસ્તારમાંથી પસાર થવું એટલે લોઢાનાં ચણા ચાવવા જેવું ગણાય.

શહેરની ટ્રાફિક સમસ્યા દૂર કરવા માટે જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસા ટ્રાફિક વિભાગનો પગાર સહિતનાં ખર્ચ પાછળ વાપરવામાં આવતો હોવા છતાં જનતાને ટ્રાફિક સમસ્યાથી છુટકારો મળતો નથી.

શહેરમાં જાહેર માર્ગો ઉપર રેંકડિઓ/કેબિનો રાખો કે દુકાનનો સરસામાન લગાવો, આડેધડ વાહન પાર્ક કરો કોઈ રોકટોક કરવાવાળુ જ નથી.

શહેરનાં ભીડભંજન ચોકથી લઈને જુદા–જુદા ચોક અને ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર ક્યાંય ટ્રાફિક જવાન જોવા મળતા નથી. ક્યાંક જોવા મળે તો તેઓ મોબાઈલમાં વ્યસ્ત હોય છે અથવા તો ટ્રાફિકની સમસ્યા ઉભા ઉભા જોતા હોય છે. પરંતુ, તેઓ ટ્રાફિક વ્યવસ્થા માટે કોઈ કામગીરી કરતાં નથી.

શહેરમાં ત્રિપલ સવારીમાં ધુમ સ્ટાઈલમાં બાઈક ચલાવો, તેજ ગતિએ કાર ચલાવો, મોબાઈલમાં વાત કરતાં ટુ–વ્હીલર ચલાવો, જાહેર માર્ગ ઉપર વાહન ઉભા રાખો કોઈ પુછવાવાળુ જ નથી.

પોલીસ અધિક્ષકે આકસ્મિક શહેરનાં જુદા–જુદા વિસ્તારમાં ચક્કર લગાવે તો સમસ્યા તેઓ જાણી શકશે. તો જ સમસ્યા દૂર થઈ શકે તેમ છે.

### રહેણાંક મકાનનાં ફળીયામાં રમતી હોય તે સમયે

## લાઠીનાં છભાડીયા ગામની કિશોરીનું માથુ હિંચકામાં આવી જતાં મોતને ભેટી

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૮

લાઠી તાલુકાનાં છભાડીયા ગામે રહેતી ખુશીબેન રાકેશભાઈ કઠેવાડીયા નામની સાડા દશ વર્ષની કિશોરી ગત તા. ૭નાં રોજ સવારનાં દસ વાગ્યા દરમ્યાન છભાડીયા ગામે પોતાના રહેણાંક મકાનનાં ફળીયામાં લીમડાનાં ઝાડમા ખાટલાવાળો હીંચકો બાંધેલ હોય તે હીંચકા ખાતા સમયે કોઈ કારણોસર તેણીનું માથું હિંચકામાં આવી જતાં તેમને ગંભીર ઈજા થતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સુરાપુરાની ખાંભીઓ ઉખેડી ફેંકવાની શંકાથી હત્યા કરાઈ

## બાબરાનાં કરિયાણા ગામની સીમમાં થયેલ હત્યા કેસનો ભેદ પોલીસ વિભાગે ખોલ્યો

**સ્થાનિક પોલીસ સક્રીય રહી હોત તો ઘટના ન બને તેવી ચર્ચા**

બાબરા તા.૮

બાબરા તાલુકાના કરીયાણા ગામની સીમમાં મુળ ફૂલઝર તા. વિછીયાના દેવીપુજક યુવાન ભરતભાઈ વલ્લભભાઈ ઉગરેજીયા (ઉ.વ. ૨૫) રહે. રંગપર, તા. મોરબીની કમકમાટી ભરી હત્યા મુદ્દે મૃતકના પત્ની આશાબેન ભરતભાઈ ઉગરેજીયા દ્વારા પોલીસ મથકમાં બાબરા રહેતા તેમના પાચ પિત્રાઈ ભાઈ અને એક ભાણેજ સહિત ત્રણ અજાણ્યા માણસો મળી કુલ નવ સામે જમાઈની હત્યા કરવા મુદ્દે વિગતે ફરિયાદ આપી છે.

મૃતકના પત્ની આશાબેનના જણાવ્યા મુજબ તેમના પિયરપક્ષ દેવીપુજક જીલીયા પરિવારના સુરાપુરાની ખાંભીઓ બાબરા તાલુકાના સુકવળા ગામે આવેલી છે આ ખાંભી ચારેક દિવસ પહેલા જીલીયા


**અનુસંધાન પાના ૬ ઉપર**


**અમરેલી એક્સપ્રેસ**
**સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો દૈનિકનાં ઈ–મેઈલ એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી


**કમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે**

કમ્પ્યુટરમાં ગુજરાતી ટાઈપીંગ કરી શકે તેવા અનુભવી લેડીઝ ઉમેદવાર જ સંપર્ક કરે

**શ્રી દ્વારકેશ ડોકયુમેન્ટ**
અમરેલી ટ્રેડ સેન્ટર, કલેકટર કચેરી પાસે,
જિલ્લા પંચાયત ઓફિસ પાછળ-અમરેલી
સંપર્ક નં. ૯૯૭૪૨ ૪૮૫૨૫


### રાત્રિનાં સમયે બનાવ બનેલ

## બાબરાનાં ચમારડી ગામે પરપ્રાંતિય શ્રમિક ધાબા ઉપરથી પડી જતાં મોત

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૮

મુળ મધ્યપ્રદેશનાં વતની અને હાલ બાબરા તાલુકાનાં ચમારડી ગામે લાલજીભાઈ ભીમજીભાઈ વસ્તરપરાની વાડીમાં રહેતાં ટેમરીયા બોન્દરસીંગ ગરાસે ગત તા. ૭નાં રોજ રાત્રિનાં આશરે એકાદ વાગ્યાનાં અરસામાં ચમારડી ગામે લાલજીભાઈ ભીમજીભાઈ વસ્તરપરાની વાડીએ મકાનનાં ધાર પરથી અકસ્માતે પગ લપસતા તે ધાબા ઉપરથી નીચે પડી જતા તેઓને માથામાં તથા હાથમાં ઈજા થતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.













### લીલીયા મોટા, અમરેલી અને દામનગરમાં શાખા ધરાવતી

# શ્રી ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ મંડળીએ વર્ષ ૨૦૨૫/૨૬માં ૧ કરોડ ઉપરાંતનો નફો કર્યો

## સભાસદોને ૧૦ ટકા ડીવીડન્ડ અને ગીફટ ભેટ અપાશે

અમરેલી, તા. ૮

શ્રી ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ કરનાર સહકારી મંડળીએ વર્ષ ૨૦૨૫/૨૬માં રૂપિયા ૧ કરોડ ઉપરાંતનો નફો કરેલ છે.

લીલીયા મોટા ખાતે ૩૨ વર્ષથી કાર્યરત સંસ્થા અને અમરેલી શાખા–૬ વર્ષ અને દામનગર શાખાનાં ૨ વર્ષ પૂર્ણ કરી ઉત્કૃષ્ટ સારી અને સંતોષકારક કામગીરી સાથે સારો એવો નફો મેળવેલ છે.

સંસ્થાનાં ચેરમેન હિતેષભાઈ જે. કારીયા, વાઈસ ચેરમેન હરેશભાઈ એન. સેજપાલ, એમડી દિનેશભાઈ એચ. ભટ્ટ, બોર્ડ ઓફ ડીરેકટર વાલજીભાઈ જી. માંડણકા, ભરતભાઈ ડી. જોષી, રસીકભાઈ જે. વંડ્રા, હિંમતભાઈ એચ. શીંગાળા, જયેશભાઈ એન. મહેતા, એડવાઈઝર બોર્ડ મેમ્બર અમરેલી અમરેલી શાખા હિરેનભાઈ બી. સોજીત્રા, ઉપેન્દ્રભાઈ એમ. નાગ્રેચા, બ્રાન્ચ મેનેજર દીપકભાઈ બી. દવે, દામનગર શાખા મેમ્બર્સ દેવેન્દ્રભાઈ જુઠાણી (મુન્નાભાઈ), બ્રાન્ચ મેનેજર નીકુંજભાઈ કારીયા તેમજ સમગ્ર કર્મનિષ્ઠ કર્મચારીઓની મહેનત થકી આજે સંસ્થાએ ઐતિહાસિક સિધ્ધિ સંસ્થાએ પ્રાપ્ત કરેલ છે.

સંસ્થાના એમડી દિનેશભાઈ એચ. ભટ્ટએ સંસ્થાના વર્ષ ૨૦૨૫–૨૦૨૬ની પ્રગતીસીલ આકડાકીય માહિતી આપતા જણાવેલ સંસ્થાની સભાસદ સંખ્યા ૭૧૦, શેર ભંડોર ૧૭૫ કરોડ, સભાસદ ધીરાણ ૧૬ કરોડ, વિવિધ થાપણ ૧૨૯ કરોડ, નેટ એન.પી.એ. ૦ ટકા સાથે સંસ્થાએ રૂપિયા ૧,૦૦૦૭૫,૭૮૧૧નો નોફો કરેલ છે.

ગતમાસ દરમ્યાન સંસ્થાની કારોબારીની મળેલ મીટીંગમાં ચેરમેન તેમજ તમામ બોર્ડ ઓફ ડીરેકટરોએ મંડળીના સભાસદોને ૧૦ ટકા ડીવીડન્ડ તેમજ આકર્ષક ગીફટ ભેટની જાહેરાત કરી સંસ્થા સભાસદોને સુદ્રઢ અને પારદર્શક વહીવટ સાથે આધુનિક સુવિધાઓ સાથે ત્વરીત અને ઝડપી જરૂરિયાત મુજબ ધીરાણ તેમજ નાની બચત યોજનાઓ દૈનિક બચત લોન, મંથલી બચત, ફીકસ ડીપોઝીટ પર જયારે આજે અન્ય સંસ્થાઓ બેંકોમાં કરેલ રોકાણો મુડીનું સંતોષકારક વ્યાજ, વળતર ન મળતું હોય સભાસદોએ કરેલ મુડીના રોકાણો પર દિવસેને દિવસે વ્યાજની ટકાવારી ઘટતી હોય ત્યારે આપણી આ સંસ્થાએ સભાસદોને દૈનિક બચત તેમજ થાપણો, ઉંચ વ્યાજ વર્ષતર વર્ષોથી આપી રહેલ છે. ચેરમેનના સતત મોનીટરીંગ અને સભાસદોના હીતમાં જરૂરી સુચનો અને સમયાનુસાર યોગ્ય સવલતો પુરી પાડવા માટે સતત સહકાર ક્ષેત્રના નિયમો અનુસાર ફેરફાર સાથે સભાસદોને સંતોષકારક સેવાઓ પુરી પાડવા સતત તત્પર રહે છે.

## અમરેલીનાં સોનપાલ પરિવારનાં આંગણે આવતીકાલે લગ્નોત્સવ યોજાશે



અમરેલી, તા. ૮

અમરેલીનાં સોનપાલ પરિવારનાં લાડલા ચિ. સ્મિતનાં શુભલગ્ન પોપટ પરિવારની લાડલી ચિ. ભૂમિ સાથે રવિવારને ૧૦મેના રોજ યોજાશે.

તા. ૧૦/૫/૨૬ના રોજ અમરેલી (વરૂડી)માં લગ્નગ્રંથીથી જોડાશે સ્વ. વસંતભાઈ સોનપાલ તથા ગં.સ્વ. પ્રવિણાબેનના પુત્ર તથા અમિતભાઈ સોનપાલ તથા શીલાબેન ધવલકુમાર રૂપારેલીયાના મોટાભાઈ પિયુષભાઈ (મોન્ટુભાઈ) સોનપાલના પુત્ર ચિ. સ્મિતના શુભલગ્ન અમરેલી નિવાસી છાયાબેનના પોપટની સુપુત્રી ભુમિ સાથે યોજાયેલ છે તો તમામ આમંત્રિત મહેમાનોએ સમયસર હાજરી આપી પ્રસંગને શોભાવશો.

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

## ચલાલા–ખાંભા હાઈવેને સુરક્ષિત બનાવવા માટે અકસ્માત સંભવિત ક્ષેત્રોમાં વધુ બોર્ડ લગાડવા દિશાનિર્દેશ

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા કલેકટર, વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાની માર્ગ સલામતીની વિવિધ કામગીરી બાબતે વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

બેઠકમાં સ્પીડ લિમિટ, નિયમ મુજબનાં સાઈનેઝ બોર્ડ લગાવવા, વૃક્ષનું યોગ્ય સમયે ટ્રીમીંગ કરાવવું, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ, કેટ આઈઝ વગેરેનો ઉપયોગ કરી રોડ અકસ્માત ઘટાડવા રોડ એન્જિનીયરીંગને લગત પગલાં લેવા બાબતે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

કલેક્ટર દ્વારા આ બેઠકમાં જિલ્લાના માર્ગોને સુરક્ષિત બનાવવાની વિવિધ પહેલો અંતર્ગત અકસ્માતો નિવારવા ટ્રેકટરની ટ્રોલીમાં કાયમી રીફલેક્ટર લગાડવા માટે દિશાનિર્દેશ આપ્યો હતો. તેમણે જિલ્લાના વિવિધ પ્રાંત અધિકારીઓને તેમના વિસ્તારમાં આવેલા ટ્રેક્ટરની ટ્રોલીના ઉત્પાદકોને નવી બનતી ટ્રોલીમાં આ અંગે લેખિત સૂચના આપતી જાણ કરી અને નિયમોનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

દરમિયાન જિલ્લા કલેક્ટરના માર્ગદર્શનમાં ગત માસમાં એ.આર.ટી.ઓ દ્વારા જિલ્લાના વિવિધ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે આવતા કૃષિ લક્ષી વાહનોમાં રેડિયમ રીફલેક્ટર લગાડવાની કામગીરી કરવામાં આવી હતી.

એ.એસ.પી. જયવીર ગઢવીએ ખાંભા ચલાલા હાઈવે પર અકસ્માત સંભવિત ક્ષેત્રોમાં વધારે સાઈન બોર્ડ, શેવરોન બોર્ડ લગડવાનું સૂચન કર્યુ હતું. જેના પગલે કલેક્ટરએ આ દિશામાં અકસ્માત સંભવિત ક્ષેત્રો અને અન્ય ભયજનક વળાંકો ઓળખી અને ત્યાં માર્ગ સલામતીને લગતા બોર્ડ મૂકવા માટે સૂચના આપી હતી.

અમરેલી નગરપાલિકાને સાવરકુંડલા બાયપાસ ચોકડથી ગુરૂદત્ત પેટ્રોલ પંપ સુધીના માર્ગે શહેરની હદમાંથી પસાર થતા વ્યસ્ત માર્ગ પર સ્ટ્રીટલાઈટ નિયમિત રીતે કાર્યરત રહે તે સુનિશ્ચિત કરવા માટે સૂચના આપવામાં આવી હતી.

જિલ્લાના માર્ગોને વધુ સુરક્ષિત બનાવવા માટે સતત અપેટ્રોલિંગ અને માર્ગ સલામતીને લગતા કાયદાઓનું પાલન કરાવવા માટે જિલ્લા કલેક્ટરએ દિશાનિર્દેશો આપ્યા હતા.

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર દિલિપસિંહ ગોહિલ, પ્રાંત અધિકારી લાઠી બ્રહ્મભટ્ટ, નાયબ પોલીસ અધિક્ષક ગોરડિયા, માર્ગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ઢોલાવાલા, નાયબ કાર્યપાલક ઈજનેર પંચાયત, આરોગ્ય, ઈમર્જન્સી સેવા ૧૦૮, નેશનલ હાઈવે, શિક્ષણ, જીએસઆરટીસી સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### વર્તમાન સમયમાં ૧૨૭ શ્વાનોને આશ્રય મળે છે

# રાજકોટનાં સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ સંચાલિત શ્વાન આશ્રમની અનેરી સેવા

## ૧ હજાર બીમાર, અંધ, અપંગ, શ્વાનોને આશ્રય મળશે



રાજકોટ, તા. ૮

વિમાં સૌથી વફાદાર પ્રાણી એટલે ાન. ાન તમામ પ્રકારના જોખમને અગાઉથી અનુભવે છે. પ્રાચીન અને મપ્રયયુગના સમયમાં, પહેલાના લોકો કૂતરાઓને પોતાની સાથે રાખતા હતા. જેથી તેઓ જંગલી પ્રાણીઓ, લૂટારાઓ અને ભૂત–પ્રેતથી બચી શકે. વનમાં રહેતા વનવાસી લોકો કૂતરા પાળતા હતા. જેથી તેઓ કોઈપણ પ્રકારના જોખમ પહેલા તે સાવધાન થઈ રહેતા ઋષિ–મુનિઓ પણ કૂતરા પાળતા હતા. આજકાલ પણ લોકો ઘરમાં કૂતરા પાળે છે જેથી તેઓ પોતાના ઘરને ચોરોથી બચાવી શકે. ભારતીય સંસ્કૃતિમાં ાનનું મહત્વ પહેલેથી જ ચાલ્યું આવે છે. હિન્દુ ધર્મમાં કૂતરાને યમનો દૂત કહેવામાં આવે છે. ાનને હિન્દુ દેવતા ભૈરવ મહારાજનો સેવક માનવામાં આવે છે. ાનને ભોજન આપવાથી ભૈરવ મહારાજ પ્રસન્ન થાય છે અને ભકતની દરેક પ્રકારની આકસ્મિક મુશ્કેલીઓથી રક્ષણ કરે છે. એવું માનવામાં આવે છે કે ાનને ખુશ રાખવાથી તે યમદૂતને પણ તમારી આસપાસ ભટકવા નથી દેતો અને શનિની સાથે સાથે રાહુ–કેતુ સંબધિત દોષો પણ કૂતરાને તેલમાં ચપટી રોટલી ખાવડાવાથી દૂર થઈ શકે છે. રાહુ–કેતુના, કાલસર્પ યોગથી પીડિત લોકો માટે આ ઉપાય ફાયદાકારક છે. એવું માનવામાં આવે છે કે કાળો ાન જયાં હોય ત્યાં નકારાત્મક ઉર્જા રહેતી નથી. ાન એ આપણી આસપાસ ચોમેર હોય છે. આપણા પરિવારનો જ એક હિસ્સો હોય છે.

કમનસીબે ાનો અકસ્માતમાં ઘવાઈને, બીમાર પડીને, ઉમરને કારણે લાચાર બની જતા હોય છે. એવા નિઃસહાય, લાચાર ાનો માટે રાજકોટમાં સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સદભાવના ાન આશ્રમ ની શરૂઆત કરવામાં આવી છે. અહી ચાલી ન શકતા, ઊભા ન થઈ શકતા, પેરેલિસીસવાળા, કમર ભાંગેલા, ફ્રેકચરવાળા, અંધ, અપંગ ાનોને કાયમી આશરો મળશે તેમજ તેમને જરૂરી સારવાર, સુવીધાઓ મળશે. સંસ્થા દ્વારા નિત્ય જરૂરી સારવાર, વેકસીનેશન, ઓપરેશન વગેરે કરવામાં આવશે અને એક પરિવારના સભ્યની જેમ નિર્વાહ કરવામાં આવશે. પ્રથમ તબક્કે ૧૦૦૦ ાનોને આશરો અપાશે. હાલમાં ઉંમરવાળા ૧૫, અનાથ ૧૦, પેરેલિસીસવાળા ૭૦, અન્ય ૨૫ એમ ૧૨૦ ાનો આશ્રય લઈ રહ્યા છે. આ ાનોને દરરોજ મ્યુઝીક થેરાપી આપવામાં આવે છે.

સદભાવના ાન આશ્રમ દ્વારા માત્ર રાજકોટ કે ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારતભરમાંથી આવા નિઃસહાય, ઘવાયેલા, બીમાર અને અપંગ ાનોને આશ્રય આપવામાં આવે છે. દરેક બીમાર ાનોનું દરરોજ ચેકઅપ અને સારવાર થાય છે. આ અંગે વિશેષ માહિતી માટે તેમજ આ પ્રકારના ાનોને આશ્રય આપવા માટે સદભાવના ાન આશ્રમ, વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા પરિસર, સદભાવના વૃધ્ધાશ્રમ રાજકોટ–જામનગર હાઈવે, પડધરી પાસે, મોટા રામપર, રાજકોટ (મો.૭૪૮૫૯ ૨૨૨૨૪)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# સાવરકુંડલા, હોમિયોપેથી: માત્ર ઉપચાર નહીં, ભીતરથી સાજા થવાની કળા



સાવરકુંડલા, તા. ૮

સામાન્ય રીતે લોકોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે હોમિયોપેથીની અસર ખૂબ ધીમી હોય છે. પરંતુ અનુભવી તબીબો અને ઓપીડીનાં આંકડા કંઈક અલગ જ વાસ્તવિકતા રજૂ કરે છે. ડો. અમી પાંધીનાં મતે, હોમિયોપેથીમાં 'હીલિંગ' એટલે કે સાજા થવાની પ્રક્રિયા મૂળમાંથી શરૂ થાય છે. જયારે દર્દીનાં લક્ષણો અને રોગનાં મૂળ કારણનું સચોટ નિદાન થાય, ત્યારે આ દવાઓ તાત્કાલિક અસર બતાવી રોગને નિર્મૂળ કરવાનું કાર્ય આરંભી દે છે.

આ ચિકિત્સા પદ્ધતિમાં દર્દીનો સ્વભાવ, માનસિક સ્થિતિ અને રોગ પાછળનાં સાચા કારણને સમજવું અનિવાર્ય છે. ઘણી વખત આ પ્રક્રિયા અંધકારમાં તીર ચલાવવા જેટલી જટિલ હોય છે, પરંતુ જો દર્દી તબીબનાં સવાલોનાં પ્રામાણિક અને સચોટ જવાબો આપે, તો નિદાનની ચોકસાઈ વધી જાય છે. હોમિયોપેથી માત્ર રોગનાં લક્ષણોને દબાવતી નથી, પણ શરીરની રોગ પ્રતિકારક શક્તિને અંદરથી જાગૃત કરે છે.

હોમિયોપેથી વિશેનો આ દ્રષ્ટિકોણ ખરેખર પ્રશંસનીય છે, જે દર્દી અને તબીબ વચ્ચેના અતૂટ વિશ્વાસ પર ટકેલો છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ** ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**અંગ્રેજી ન્યુઝ પેપર**

**The Indian EXPRESS**

શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર

**ફાયનાન્સિયલ એક્સપ્રેસ**

આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો

**પ્રકાશભાઈ ચંદારાણા**

મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦



**શિવ ફરસાણ (ધારીવાળા)**



સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


### એક ગરીબનાં આંસુ શાસન પલટાવી દે તેવા હોય છે

# સાવરકુંડલાનાં પાલાધારકો વિકાસનાં નિર્ણયનાં કારણે બેરોજગાર બની ગયા

## શાસકોએ વૈકલ્પિક વ્યવસ્થા કરવી જરૂરી



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા શહેરમાં વિકાસના નામે લેવાયેલા એક નિર્ણયે સેંકડો ગરીબ પરિવારોના મોંમાંથી કોળિયો છીનવી લીધો છે. વર્ષોથી નદી બજારમાં નાના–મોટા પાલા (કેબિન/દુકાન) ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા વેપારીઓ આજે નોંધારા બની ગયા છે. ત્રણ–ત્રણ પેઢીથી જયાં આજીવિકા મળતી હતી, ત્યાં આજે માત્ર કાટમાળ અને વેપારીઓની આંખમાં આંસુ બાકી રહ્યા છે. હવે તો એ આંસુઓ પણ વહી વહીને નિષપ્રાણ થઈ સૂકા ભટ્ટ થઈ ગયા છે.!!

સ્થાનિક પાલા ધારકોની વ્યથા સાંભળીને પથ્થર દિલના માણસનું હૈયું પણ દ્રવી ઉઠે તેમ છે. એક વેપારીએ પોતાની પીડા ઠાલવતા જણાવ્યું કે, '૨૦ વર્ષ સુધી દીકરીને ઉછેરીને સાસરે વળાવીએ ત્યારે જે દુઃખ થાય, તેનાથી વધુ દુઃખ આજે આ પાલા છીનવાતા થયું છે.' ઘણા વેપારીઓએ લોન લઈને કે ઘર ગીરે મૂકીને આ નાનો ધંધો શરૂ કર્યો હતો, જે હવે પાયમાલ થઈ ગયો છે.

સૌથી વધુ કરૂણ સ્થિતિ બીમાર અને વૃદ્ધોની છે. એક કેન્સર પીડિત વેપારી, જેના પર ૧૩ સભ્યોના પરિવારની જવાબદારી છે, તેમણે રડતા અવાજે પ્રશ્ન કર્યો કે દરરોજની ૫૦૦ રૂપિયાની દવા અને પરિવારનું ભોજન હવે ક્યાંથી આવશે? આ માત્ર આર્થિક પ્રશ્ન નથી, પણ અસ્તિત્વની લડાઈ બની ગઈ છે.

હાલમાં આ તમામ અસરગ્રસ્તોની તંત્ર પાસે એક જ માંગ છેઃ માનવતાના ધોરણે તેમને ધંધો કરવા માટે કોઈ વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવે, જેથી તેઓ ભીખ માંગવાની સ્થિતિમાંથી બચી શકે અને સ્વમાનભેર જીવી શકે.

હવે જોવાનું એ રહે છે કે આ સંદર્ભે તંત્ર કેટલું લચીલું બની નિર્ણય લે છે.

# રાજુલાનાં ઉદ્યોગ મંદિર પાછળ પ્રથમવાર સુંદરકાંડનુ આયોજન



અમરેલી, તા. ૮

રાજુલા શહેરમાં ઉદ્યોગ મંદિર પાછળ પ્રથમવાર સુંદરકાંડનું ભવ્ય આયોજન યોજવામાં આવ્યું હતું જીતુભાઈ તેરૈયા, મનસુખભાઈ ટાંક, ઋતુભાઈ તેરીયા, વાલજીભાઈ ટાંક, કાનાભાઈ ટાંક, લાલજીભાઈ ટાંક, મહેશભાઈ ટાંક પરિવાર તેમજ એરીયા તેરી આ પરિવાર બંને પરિવાર દ્વારા ભવ્ય સુંદરકાંડનું આયોજન રાખવામાં આવ્યું હતું આવો નીરો અવસરમાં ભકિત ભાવ અને ભોજન ત્રિવેણી સંગમ જોવા મળ્યું હતું આ સુંદરકાંડમાં સર્વ ધર્મ ભકતજનોની ભીડ જામી હતી રામ દુલારે તુમ રખવાલે અનિરો સુંદરકાંડનો ભવ્ય ઉત્સવ ઉજવાયું હતું.


**''અમરેલી એક્સપ્રેસ''**

**અમારૂ ઇ–મેઇલ એડ્રેસ**

''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ

**amreliexpress7@gmail.com**

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


### એસ.ટી. વિભાગની ટિકિટમાં છબરડો

# લ્યો બોલો : ઢસાથી દામનગર વચ્ચેનું અંતર ૧૨ કિ.મી. અને ટિકિટમાં ૧૮ કિ.મી.ની પ્રિન્ટ

## પાલિતાણા ડેપોનાં મેનેજર ટિકિટ ચેક કરે

દામનગર, તા. ૮

ભાવનગર ડિવિઝનની પાલિતાણા ડેપોની બસમાં ઢસા ગામથી દામનગર સુધીનું અંતર ૧૨ કિ.મી. છે. પરંતુ મુસાફરને અપાતી ટિકિટમાં ૧૮ કિ.મી. પ્રિન્ટ થઈને આવતું હોય. ડિજિટલ મશીનની ચકાસણી કરીને થતો છબરડો બંધ કરી આ બંને સ્ટેશનનું અંતર જે છે તે પ્રમાણે ટિકિટ પ્રિન્ટ થઈને આવે તેવી સુચના ડેપો મેનેજર અને વિભાગીય નિયામક કંડકટરને આપે તેવી માંગ થઈ છે.

# ઈચ્છા પર અંકુશ રાખ્યા વિનાની સ્વતંત્રતા સ્વછંદતા બની જાય છે

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

સંસ્કૃતમાં કહેવાયું છે કે ''અતિ વર્જયેત'' ગુજરાતીમાં કહીએ તો અતિને ગતિ નહિ ‘ અતિ’નો અર્થ આપણે સારી રીતે જાણીએ છીએ. આપણા જીવનમાં કે પરિવારમાં, ભૂતકાળમાં કોઈપણ સાથે એવું બન્યું હશે કે તેમની ઈચ્છા અમાય હોય ને એની ગતિ કેવી થઈ હોય છે.

એક રાજા સુવર્ણનો ચાહક, સોનાનો ખુબ સંગ્રહ કરે. સંતોષ જ નહિ એક વખત જંગલમાં કોઈ સાધુ મળ્યા. સેવા કરી. સાધુએ માગવા કહ્યું ‘રાજાને સુવર્ણપતિ બનવું જ હતું.’ રાજાએ કહ્યું ''મહારાજની પાસે પુષ્કળ સુવર્ણ બની જાય.'' સાધુએ તથાસ્તુ કહ્યું.

ટૂંકમાં રાજા મહેલમાં આવ્યો. દરવાજાને અડયો ત્યાં દરવાજો સોનાનો બની ગયો. પાણીનો ગ્લાસ લીધો તે પણ સુવર્ણનો બની ગયો. રાજા ખુશ થતો જતો હતો. જમવા બેઠો. એટલી શું બટકું કર્યુ તો તે સુવર્ણ બની ગઈ. રસોઈ સુવર્ણ બની ગઈ રાજા જમી શકયો નહિ. બે દિવસ તો માંડ કાઢયા ત્રીજા દિવસે સાધુને કહ્યું ''મારે આવું સુવર્ણ નથી જોઈતુ કે જે મને જમવા પણ ન દે.''

અતિને કોઈ ગતિ નહિ જૈન ધર્મમાં તેને પરિગ્રહ કહે છે. આપણી જરૂરિયાત મુજબ પરિગ્રહ – સંગ્રહ સારૂ છે. પણ લાવ–લાવ કરવાથી કોઈ ફાયદો થતો નથી.

આ ભાવ – વિચારને જરા વધુ ગહનતાથી સમજીએ. મહેશ મહેતા આ બાબતને સહોદાહરણ સમજાવે છે. આવો વાંચીએ.

જયાં જયાં પદાર્થ છે ત્યાં ત્યાં સુખ છે, એ સમજના દોષ વિષે આપણી કેળવણીમાં ધ્યાનપાત્ર નિર્દેશ નથી. પદાર્થના અભાવમાં દુ:ખ દેખાય છે તે વાકય રચના ભૂલ ભરેલા આધારે બનાવેલી છે. જો એમ કહેવાય કે જયાં આવશ્યક પદાર્થ નથી ત્યાં દુ:ખ છે તો તે ખામીયુકત નથી. ભૂખ હોય અને રોટલી ન મળે તો દુ:ખ થાય જ, પરંતુ એનો અર્થ એ નથી કે પદાર્થના સદ્ભાવમાં સુખ જ હોય છે. ભૂખ ન હોય અને રોટલી હોય તો પણ સુખ આપી શકતી નથી. એ ધારણા પણ ખોટી છે કે પરિગ્રહ સદાય સમૃદ્ધિ લાવે છે. એક વ્યકિત ઠંડીમાં ત્રણ કપડાથી પણ સ્વસ્થ નથી હોતી અને બીજી વ્યકિત એક કપડામાં પ્રસન્નતાથી ફરી શકે છે અને ઠંડીના ભયથી મુકત રહે છે. પહેલી વ્યકિત પાસે બીજાની સરખામણીએ બે વધુ હોવા છતાં કહી શકાશે કે બીજી વ્યકિત વધુ સમૃદ્ધ છે ! એક બીજું ઉદાહરણ લઈએ–એક વ્યકિત સમક્ષ શુદ્ધ–સાવિક સુર્પા અને સ્વાસ્થ્યપ્રદ ભોજન આવે છે. તેને સાચી ભૂખ લાગી છે તેથી તેને સાદું ભોજન પણ સ્વાદિષ્ટ જ લાગે છે. બીજી વ્યકિતને સાચી ભૂખ લાગતી નથી તેથી તેને મસાલેદાર તળેલું ભોજન નહીં મળે ત્યાં સુધી જમવાની ઈચ્છા નથી થતી. પ્રથમ વ્યકિતનું સાદું ભોજન ૧૦૦ રૂપિયામાં તૈયાર થશે. જયારે ચટાકેદાર ભોજન ૫૦૦ રૂપિયામાં તૈયાર થશે. બંનેમાં કઈ વ્યકિતને સુખી કે સમૃદ્ધ ગણીશું તે પ્રશ્ન થશે. સ્પષ્ટ છે કે પરિગ્રહ વધવા સાથે આપણા સુખ–સમૃદ્ધિ વધે એવો કોઈ નિયમ નથી. આજે આપણા સંસ્કાર સિંચનમાં એ વાત છૂટી ગઈ છે કે પરિગ્રહનો અભાવ દુ:ખનું કારણ છે તો પરિગ્રહનો અતિભાવ પણ આપણી સમસ્યા કે દુ:ખનું કારણ છે. આ સંસ્કાર કદાચ સમાજવાદ દ્વારા પણ આવતા નથી. સમાજવાદ અભાવ ઘટાડવા માટે અતિભાવ પર અંકુશ તો લગાવે છે પણ તે અતિભાવ અને દુ:ખનું સાહચર્ય છે તેમ શીખવવાનું ચૂકી જાય છે. જો એ સમજાય તો અતિભાવ પર અંકુશ નહીં લગાવવો પડે, મનુષ્ય જાતે જ અતિભાવથી બચવાનું ઈચ્છશે. આ વાતને એક બીજા પરિપ્રેક્ષ્યમાં પણ જોઈએ. એક વ્યકિત ચિંતિત છે કે કાલે બીમારી આવી ગઈ કે સંતાન કુપાત્ર નીવડે કે વૃદ્ધાવસ્થામાં શરીર કામ નહીં કરે તો શું થશે ? અને તેથી સંપત્તિ સંગ્રહની મર્યાદા રહેતી નથી. બીજી વ્યકિત વિચારશે કે જીવનચર્યા નિયમિત રાખું જેથી બીમાર ન પડાય. સંતાનનું લાલન પાલન યોગ્ય રીતે કરૂં જેથી કુપાત્ર ન થાય. સમાજ સેવાની થોડી એવી યોજનાઓ કરૂં કે વૃદ્ધાવસ્થામાં પણ અન્યને માટે સાર્થક બનું. તે એ દિશાઓમાં પણ પોતાનો શ્રમ અને શકિતનો વિનિયોગ કરે છે અને જેટલું આવશ્યક છે તેટલું અર્થોપાર્જન પણ કરે છે. નિશ્ચિત રીતે બીજી વ્યકિત પહેલી વ્યકિત કરતાં વિશેષ સંતુલિત ઢબે જીવન જીવી શકે છે. પરિગ્રહની આ સીમા જો નસમજાય અને જેટલો પરિગ્રહ તેટલું સુખ એવી ભ્રામક વાત સમજાય તો ભ્રષ્ટાચારને રોકવાનો કોઈ કારગત ઉપાય રહેતો નથી. કારણ કે, સુખ તો સહુ ઈચ્છે છે અને સુખનું સાધન જો પરિગ્રહ છે તો પરિગ્રહ અર્જિત કરવા માટે અપનાવેલો કોઈ પણ માર્ગ ઉચિત જણાશે. અપરિગ્રહની અર્થાત્ અલ્પ પરિગ્રહની વાત આજ સુધી ધર્મ કરતો રહે છે, આજે વિજ્ઞાનનો યુગ છે. વિજ્ઞાનના અભ્યાસક્રમમાં સ્વાસ્થ્યની કેળવણી આપતી વખતે અને પર્યાવરણની સમસ્યા પર વિચારતી વખતે આપણે અમર્યાદ પરિગ્રહને લક્ષ્ય બનાવવાનાં દુષ્પરિણામ સ્પષ્ટ રીતે અંકિત કરવાના રહેશે.

ઈચ્છા અને અંકુશ રાખ્યા વગર સ્વતંત્રતા સ્વછંદતા બની જાય છે. પૈસા જો સાધનના બદલે સાપ્રય બની જાય તો માણસને દીન–હીન બનાવી દે છે. રાજસત્તા પણ અત્યાચાર કરી શકે છે. કેળવણીનો ઉદ્દેશ માણસને સુસંસ્કૃત બનાવવાનો છે. માત્ર અભાવ નહી, અક્ષમતા પણ પીડાનું કારણ છે. અભાવ જ નહીં, અતિભાવ પણ દુ:ખનું કારણ છે. પરિગ્રહ અને ત્યાગની વચ્ચે સંતુલન જરૂરી છે તથા સમાજવાદી રાષ્ટ્રો પણ ઘાતક શસ્ત્રોના હરીફાઈમાં પાછળ રહ્યા નથી. ભગવાન મહાવીરનો એક જ સંદેશ છે કે, જગતમાં બધાં સમાન છે. કોઈનું સુખ અન્યના સુખ માટે છીનવી શકાતું નથી. ભ.મહાવીરે પરિગ્રહને પરિભાષિત કરતાં કહ્યું, ''મૂર્છા પરિગ્રહ છે.'' તેમણે એમ ન કહ્યું કે, ધન પરિગ્રહ છે. મૂળ પરિગ્રહ છે કામ– વાસના. કામ અને અર્થ જીવનયાત્રા ચલાવવા માટે છે. કામ વગર જીવનની યાત્રા ચાલતી નથી. જીવનની યાત્રા ત્યાં સુધી ચાલે છે, જયાં સુધી કામ છે. કામના ત્યાં સુધી પૂરી નથી થતી, જયાં સુધી અર્થપ્રાપ્તિ ન હોય. કામના પૂર્તિનું એકમાત્ર સાધન અર્થ છે. જે માણસ કામ અને અર્થમાં જ જીવવા ઈચ્છે છે, તે માણસ ક્યારેય શાંતિનું જીવન જીવી શકતો નથી. સંતોષ, સ્થિરતા અને પ્રસન્નતાનું જીવન તે માણસ જીવી શકતો નથી. જે માત્ર આ બંનેમાં જ જીવવા ઈચ્છે છે, તે માનવીય ચેતના સાથે રમત કરે છે, તે મનુષ્યને માત્ર રોટીના આધારે જ જીવાડે છે. શું રોટી મનને શાંતિ આપી શકે? જેને રોટી પ્રચુર માત્રામાં ઉપલબ્ધ છે, તેનું મન પણ પ્રચુર માત્રામાં અશાંત છે.



# બાલ એક્સપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## બધાંયના બાપુજી – રાવજીભાઈ મ. પટેલ

ગાંધી–ગંગા (બે ભાગમાંથી પસંદ કરેલું આચમન) સંપાદક : મહેન્દ્ર મેઘાણી

એક દિવસ અંધારી રાત હતી. પ્રાર્થના પછી ‘ રામાયણ’નું વાચન અને વાતચીતો પૂરી થતાં આશરે સાડા આઠ થઈ ગયા હતા. કાર્યક્રમ પૂરો થતાં ભાઈ દેવદાસ પહેલા બહાર નીકળ્યા. બારણા બહાર નીકળતાં જ એક મોટા સાપે ફૂંકાર કર્યો. દેવદાસ સાપને જોઈ શકયા નહીં. પણ તેનો ફૂંકાર તેમણે સાંભળ્યો. તે તુરત પાછા ઓરડામાં આવ્યા અને જણાવ્યું કે ''બહાર કાંઈક છે. બત્તી લઈને ચાલોને ?'' મગનલાલ ગાંધી અને હું બંને લમ્પ લઈને નીકળ્યા. રાત્રે બારીકીથી જોતાં સાપનો લિસોટો જણાયો. તપાસ કરતાં મકાનની એક બાજુ પાણીની ટાંકી હતી તેની પાછળ એક મોટો સાપ ભરાઈ ગયેલો દેખાયો. સાપ પકડવાને માટે અમે રેશમની દોરીના ગાળાવાળી લાઠી વાપરતા હતા. તેવા બે ગાળા નાખી સાપને પકડ્યો, ખેંચી કાઢ્યો. તે એવી ઝૂડ મારે કે અમે બંને જણે લાકડીઓ પકડી હતી છતાં અમારા હાથને સખ્ત આંચકા આવે. એટલામાં બાપુજી આવી પહોંચ્યા. સાપને જોયો, ''આ તો બહુ ભારે જાનવર છે. પણ તમે દોરી બહુ સખત રાખશો નહીં. હેરાન થશે.'' એમ બોલી અમને કહ્યું કે ''સાપને નીચે મૂકો.'' અમને વિચાર થયો કે જલદી નાખી આવવાનું કહેવાને બદલે તેને નીચે મૂકવાનું બાપુજીએ કેમ કહ્યું ? અમે તો જાળવીને સાપને નીચે લાંબો મૂક્યો. ''દોરી ઢીલી કરો. તેની ડોકે દોરી બેસી જાય નહીં.'' અમે તો દોરી સાવ નરમ કરી દીધી. એવી નરમ કે સાપને નીકળવા દેવો હોય તો નીકળી શકે. પછી બાપુજીએ શું કર્યું ? બાપુજી તે આઠ ફૂટ લાંબા સાપ પર હાથ ફેરવતા બેઠા અને બોલ્યા, ''કેવું સુંદર પ્રાણી !'' બાપુજીના હૃદયમાં તે વખતે તે ઝેરી જાનવર પ્રત્યે કેવો ભાવ પ્રગટ થયો હશે! જાણે બાળકના માથા પર તેના બાપુજી સ્નેહાળ હાથ ફેરવી આસન આપતા હોય તેમ બાપુજીએ બેત્રણ વખત હાથ ફેરવ્યો. પેલો ભયંકર તોફાની સાપ એકાદ મિનિટ પહેલાં પોતાની ઝૂડોથી અમને થકવતો હતો, તેણે આ મીઠા હાથનો સ્પર્શ અનુભવીને પૂંછડી હલાવવા માંડી, તે પણ પોતાના બાપુજીના મીઠા સ્પર્શથી લટ્ટુ બની ગયો. તેનો ડંખ મારવાનો સ્વભાવ વીસરી ગયો, તેનો રોષ ઊતરી ગયો અને પ્રેમની ભૂરકીના ઘેનમાં પૂંછડી હલાવતો પડી રહ્યો !

આમ થોડીપળો પસાર થઈ અને બાપુજી ઊઠ્યા. ''જાઓ, તમે બન્ને તેને સંભાળીને ઉઠાવજો અને દૂર નાખી આવજો.'' અમે સાપને ઉપાડ્યો એટલે પાછો તે તોફાની થયો. જાણે તેને તે મીઠા પાશમાંથી છૂટવું ગમતું ન હોય. અમે તેને પાસેના ઝરામાં ધીમે રહીને મૂક્યો. તે ચાલ્યો ગયો.

## બિરંજ, પૂરી ને મઠો

ઘોડારામ કહે : ''હા ભાઈ, વાત ખરી છે. પાંચ સાત રૂપિયાની વાત હોય તો ઠીક, પણ એવડો મોટો ખરચ મને તો ના પોસાય.''

વાતોની રંગતમાં લાડુને ભજિયાં ચપોચપ ખવાયે જતાં હતાં.

ધીમે રહીને ટીમુ પંડિત બોલ્યા : ''જુઓ, વાત એમ છે કે આપણા મિત્રમંડળની હમણાં એક પણ મોટી ઉજાણી થઈ નથી. ખરચ વધારે આવે તે વાત ખરી; પણ એને માટે મેં એક યુકિત શોધી કાઢી છે.''

''તો કહી નાંખો ને !'' સસમલ શેઠ ટહુકી પડ્યા.


પંડિતજી કહે : ''પહેલાં ઉજાણીની વાત કરીએ. આવતી ઉજાણીના દિવસે આપણે બિરંજ પૂરી ને મઠો બનાવવો. સાથે ખમણ ઢોકળાં પણ ખરાં.''

પટેલ વચમાં જ બોલી પડ્યા : ''એ બધું ખરૂં, પણ સાથે બેચાર સરસ શાક પણ જોઈશે. ચટણી અથાણાં મારે ત્યાંથી લાવીશ. ઉજાણી ઊજવવી તો પછી અધૂરી નહિ.''

બિરંજપૂરીનું નામ સાંભળતાની સાથે જ પટેલના મોંમાં પાણી છૂટવા માંડ્યું હતું.

ટીમુ પંડિત કહે : ''પટેલ સાહેબ, એ વાત પણ ખરી છે. હવે આપણે એ મિજબાનીના ખરચની વાત પર આવીએ.''

હાથીશંકર બોલવા ગયા



બકોર પટેલની કહાણીઓ

હરિપ્રસાદ વ્યાસ

: ''જરૂર જરૂર....''

પણ એ વખતે એમનો ગોટો એ થયો કે ગલોફામાં મૂકેલ લાડુ આખો ને આખો ગળામાં ઊતરી પડ્યો. અંતરાસે જતાં હાથીશંકરને ઉધરસ આવી. લોટો ભરેલું પાણી મોંમાં જાય તે પહેલાં તો હાક... છીંઈઈ કરતી છીંક ને ઉધરસ બન્ને આવ્યાં ! મહા મહેનતે સૂંઢ દબાવવા ગયા તેમાં તો ભારે ગમ્મત થઈ ! ગળામાં ભરાયેલો લાડુ ડફ કરતો બહાર નીકળ્યો ને સામે બેઠેલ બકોર પટેલની તાસક પર જઈ અથડાયો ! ભજિયાં ભરેલી તાસક આખી ઊંધી વળી ગઈ ! હાથીશંકર પાસે બેઠેલા ગાડરખાંની તાસક તો હાથીશંકરના મોંમાથી છંટાયેલા પાણીથી જ ભરાઈ ગઈ !

હાથી શંકર તો બિચારા શરમિંદા પડી ગયા. ડુમ પસવારતાં પસવારતાં કપાળ પરનો પસીનો એમણે લૂછી નાંખ્યો.

પણ ટીમુ પંડિત, ગોધુજી અને ઘોડારામ તો હસી હસીને બેવડ વળી ગયા. બધાં ખડખડાટ હસતા જાય અને ખોં ખોં ખાંસી ખાતા જાય !

પટેલ તો પોતાની તાસક તરફ જોઈ રહ્યા હતા. એ તરત બોલી ઊઠ્યા : ''તમે બધા હસો છો, પણ મારાં ભજિયાંનું શું ? રસોઈયાને કહો કે થોડાં ગરમ ગરમ ભજિયાં લાવે. મારી તો આખી તાસક નકામી ગઈ !'' **(ક્રમશ:)**

## મુખ્ય આકારો

લંબચોરસ



(Rectrangle) : લંબચોરસ આકારમાં અને વાદળી રંગમાં દર્શાવેલ સૂચનોને માહિતીદર્શક (Informatory Sign) કહેવાય છે. આ પ્રકારનાં સૂચનો દ્વારા માર્ગમાં આવતી જરૂરી સુવિધાઓ અને

સલામત માર્ગ

બીજી માહિતી અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. આવા સૂચનો આપને જરૂરી માહિતી અગાઉથી આપતા હોવાથી આપ આપની જરૂરિયાતોનું યોગ્ય નિયમન કરી શકો છો.

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### વૃક્ષ વંદના

આપણું એ વૃક્ષોનો સ્વભાવ છે. તે જીવંત હોય ત્યારે ફળ, ફુલ, પર્ણ, છાલ કે મુળ આપીને સેવા કરે છે. ઉપરાંત છાયા અને પ્રાણ વાયુ અર્પે છે. મર્યા બાદ અનેક ઉપયોગી વસ્તુઓ માટે લાકડું આપે – પારણાથી ચિતાના કાષ્ઠ સુધી ! વરસાદ – તાપ – ટાઢ – સહે. પથ્થર મારો તોય ફળ આપનારૂ વૃક્ષ મૂંગે મોઢે અનંત ઉપકારો કરે છે. ગીતા કથિત સ્થિતપ્રજ્ઞના લક્ષણો જીવી બતાવે છે. વૃક્ષમ્ શરણમ્ ગચ્છામિ !

## ચમત્કારી દીપકની કથા



મહાત્મા જીલાનીની કીર્તિ દૂર દૂર સુધી ફેલાયેલી હતી. એમના જેવા વિદ્વાન અને સદાચારી વ્યકિ શોધવા છતાં પણ મળી શકે એમ ન હતા. જોવામાં આવે છે કે કેટલીક વ્યકિતઓ વિદ્વાન તો હોય છે, પરંતુ નૈતિક આચરણની દષ્ટિએ ગુણવાન હોતી નથી. તેઓ ભૂલી જાય છે કે જ્ઞાનની શોભા સદાચરણ જ છે. સદાચાર સિવાયનું જ્ઞાન પણ વ્યર્થ છે. પરંતુ જીલાની તેમાં એક અપવાદરૂપ હતા.

એક વખત જીલાનીની પાસે નગરના અનેક જાગૃત સામાન્ય નાગરિકો આવ્યા. એમણે જણાવ્યું કે ''મહાત્માજી આપ મોટા જ્ઞાની છો. આમ પણ તમે ધન્ય છો કે આપનો સમય શ્રેષ્ઠ કાર્યોમાં પસાર થાય છે. તમે પરોપકાર, ઈશ્ચિંતન અને સદ્ગ્રંથોનો અભ્યાસ કરવામાં લાગ્યા રહો છો. તમારા જ્ઞાનનો લાભ અમને પણ મળે એવો કોઈ ઉપાય બતાવો.''

જીલાની બોલ્યા, ''પુત્રો, મારી ઝૂંપડીનાં દ્વાર તમારા માટે હંમેશાં

બાળ નિર્માણની વાતો

ખુલ્લાં છે. તમારે જયારે આવવું હોય ત્યારે આવી શકો છો. જે વિષય પર ચર્ચા કરવી હોય તે કરી શકો છો.''

એક વ્યકિતએ કહ્યું, '' મહાત્માજી ! એ તો સાચું જ છે કે આપનાં પ્રેરણાસભર વચનો અમને સન્માર્ગે લઈ જાય છે. અમારૂં ઉત્થાન કરાવે છે. પણ અમે રહ્યા ગૃહસ્થી–સંસારી, કુટુંબના ભરણપોષણ માટે સમાજનાં ઉપયોગી કાર્યોમાં અમારો બધો સમય ચાલ્યો જાય છે. અમે ધારીએ ત્યારે તમારી પાસે આવી શકીએ તેમ નથી. માટે અમારી વિનંતી છે કે કૃપા કરીને અમારા માટે કોઈ પુસ્તક લખો જેથી એને અમે ગમે ત્યારે વાંચી શકીએ.

બધાને આ વાત ગમી ગઈ. જીલાનીએ પણ આ કાર્યનો પ્રસન્ન ચિત્તે સ્વીકાર કર્યો. જ્ઞાનની ઉપયોગિતા પણ એમાં જ છે કે તે કોઈના કામમાં આવે. (ક્રમશ:)





બાલમિત્રો,

તમને ગાંધીજીની વાત યાદ છે ને કે ગાંધીજી અંધારામાં બીતા હતા. ને પછી દાસીએ કહેલું કે બીક લાગે ત્યારે રામનું નામ લેવું ? ગાંધીજીને ત્યારથી રામ નામ જીવનમાં ઉતરી ગયું. અંધારૂ બીહામણું નથી. પણ એનાથી આપણું મન બીવે છે. ગભરાય છે, હવે શું થશે ? કોઈ આવશે ને મને મારશે તોય કોઈ જીવજંતુ મને કરડશે તો ? અંધારમાં પડેલી દોરી પણ આપને આપ દેખાય છે. પછી જીવનમાં જયારે જયારે અંધારાનો ભેટો થાય છે ત્યારે મનમાં રહેલી, બીક જાગી જાય છે. પણ અજવાળું થતું જે દોરડી સાપ લાગતી હતી તે દોરી જોતાં આપણને આપણી જાત પર હસવું આવે છે.

નર્મદે કહયું છે 'હિંમતે મદો તો મદદે ખુદા. હિંમત હશે તો કોઈની તાકાત નથી કે તમને બીવડાવી શકે. ગાંધીજીને તો પછી કયારેય બીક ન લાગી એમણે તો સ્મશાનમાં જ પોતાનો આશ્રમ બનાવેલો. કયારેય કોઈ ભૂત તેમને સામે આવેલ નહિ. એટલે બાળમિત્રો, પહેલા જાતે, મનથી, હૃદયથી હિંમત વાળા બનીએ. હિંમત હશે તો દરિયો તહી જવાશે. એવરેસ્ટ શીખર સર કરી શકીશું. તો બાળમિત્રો, હિંમતથી કામ લેશોને ?.

## સૌને વાત કહેવાનો અધિકાર

સિંહાસન પર બેઠો રાજા. રાજાના માથે રાજમુકુટ. તે રાજમુકુટ પર બેઠું એક પક્ષી. સાત પાંખો તેની રંગબેરંગી. રાજા ઝબકીને જાગી ગયો. તે ખૂબ જ ગભરાઈ ગયો. ઘડીભર તો કાંઈ વિચારી ન શક્યો. પછી કળ વળતાં તેણે દરબાર ભરવાનું નક્કી કર્યું. તેની સભામાં મોટામોટા પંડિતો અને વિદ્વાનો આવ્યા.

તે સૌને રાજાએ કહ્યું : ‘ મને એવું સ્વપ્ન આવ્યું કે હું સિહાસન પર બેઠો છું. એકાએક રંગબેરંગી સાત પાંખવાળું પંખી મારા રાજમુકુટ પર આવીને બેઠું. બોલો, આનો શો અર્થ ?’

પ્રશ્ન સાંભળીને પંડિતો એકબીજાનાં મા તાકવા લાગ્યાં. આડી–અવળી નજર કરવા લાગ્યા. કોઈક કાંઈક બોલ્યું, તો બીજા માઁ દાબીને હસવા લાગ્યા. પછી સૌ ચૂપ. હવે ? ત્યારે પંડિત શાંડિલ્ય ધીમેથી બોલ્યા : ‘આપ સૌ શાંત કેમ છો? વાત કરવી હોય તો મહારાજાના હિત ખાતર કહેવી જોઈએ.’

કોઈ ન બોલ્યું, ત્યારે મહાસેન બોલ્યા :

‘હે બ્રાહ્મણ ! તમે જે હોય તે કહો. અહીં કોઈની રોકટોક નથી. લાગે છે કે બીજા કશું નહિ બોલે.’

શાંડિલ્યે કહ્યું : ‘રાજા, મારી ગણતરી પ્રમાણે આપનું અહિત થશે. સાત પાંખોવાળું પક્ષી વજ છે. સિંહાસન પર બેસનારનું સાત પખવાડિયામાં મૃત્યુ થઈ શકે. સિંહાસન પર તો કેવળ આપ

સંસ્કાર ગાથા

શ્રી ગિજુભાઈ ભરાડ પૂ.શ્રી મુક્તાનંદ બાપુ

જ બેસો છો. આપ એવી વ્યકિતને સિંહાસન પર બેસાડો, જેને આપ જીવિત જોવા ન માગતા હો !’ ‘રાજા, કોનું અહિત ઈચ્છે ? શું સિંહાસન ખાલી થોડું રખાય ?’ પછી રાજા મહાસેને ક્રોધે ભરાઈને કહ્યું : ‘તે મૂર્ખ બ્રાહ્મણની આંખો ખેંચી કાઢો.’

રાજા મહાસેનનો મંત્રી રોહક ખૂબ જ બુદ્ધિશાળી હતો. તે આગળ આવ્યો અને રાજા મહાસેનને હાથ જોડીને કહેવા લાગ્યો :

‘મહારાજ ! આપની આજ્ઞાને હું માથે ચડાવું છું, પણ શાંડિલ્ય તો પાગલ જ નહિ, બેવકૂફ પણ છે. સારી વાત તો તે છે કે બ્રાહ્મણને સાત પખવાડિયાં કારાવાસમાં રાખવામાં આવે અને તે પછી જ દંડ દેવામાં આવે. એમની વાતની કસોટી કરવા આપણે સોનાની પ્રતિમા સિહાસન પર સ્થાપિત કરવી જોઈએ.’

મહાસેનને મંત્રીની સલાહ યોગ્ય લાગી. શાંડિલ્યને કેદમાં નાખવામાં આવ્યો. મહારાજા મહાસેનની સોનાની મૂર્તિ તૈયાર કરીને સિંહાસન પર રાખવામાં આવી. તે પછી મહાસેન મહાકાલના મંદિરે જતા રહ્યા.

સમય વીતતો ગયો. સાત પખવાડિયાં પૂરાં થતા, અંતિમ દિવસે આકાશમાં વાદળો ઘેરાવાં લાગ્યાં. વીજળી કડાકા–ભડાકા કરવા લાગી. તે સમયે એક ભયંકર ગર્જના થઈ અને વજપાત થયો. તે વજપાત સીધો જ સિંહાસન પર પડ્યો અને રાજાની સોનાની પ્રતિમા ભરભર ભૂક્કો બનીને વિખેરાઈ ગઈ.

જયારે મહાસેનને તે સમાચાર મળ્યા, ત્યારે તે મહેલમાં પાછા ફર્યા. શાંડિલ્યને કારાવાસમાંથી મુકત કરવામાં આવ્યો. રાજાએ તેની ક્ષમા માગી. તે પછી મહાસેને નિર્ણય કર્યો કે સિંહાસન પર તેનો ભત્રીજો બેસશે. હકીકતમાં, પોતાના મોટાભાઈના મૃત્યુ પછી મહાસેને ગાદી પચાવી પાડી હતી.

મહાસેને ગાદી છોડતા પહેલા સૌ સભાજનોને કહ્યું : ‘મને એ વાતની ખાતરી થઈ ગઈ છે કે સૌને વાત કહેવાનો અધિકાર છે. કોઈ સાચી વાત કહે તો તેની ઉપર ક્રોધે ભરાઈને નિરર્થક દંડ ન દેવો જોઈએ. રાજહિત કે ન્યાયહિત માટે કોઈપણ બેધડક પોતાની વાત હવેથી કહી શકશે.’ મહાસેન પછી, આજે સેંકડો વર્ષ પછી યે તેનો નિયમ – ‘સૌને વાત કહેવાનો અધિકાર છે. ’ તે લોકતંત્ર માટે અત્યંત ઉપયોગી છે !

## ટાબરીયાનું જંગ : રસ્તો કરી જવાના....

રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના... જરાક અમથાં સંકટથી થોડા ડરી જવાના ?

''હા, રસ્તો નથી લાગતો ત્યાંથી જ આપણે રસ્તો કરી જવાનું છે.'' વિ બોલ્યો.

થોડીવાર પોરો ખાઈને ફરીથી પગેઢં શોધવાનો પ્રયત્ન કરતાં આગળ વધવા માંડ્યું. ઝાડી ઝાંખરા પાસેથી સાવચેતી રાખીને આગળ વધી રહ્યાં. અચાનક એક જંગલી ડુક્કર સામે ધસીઆવ્યું. વિ સાવધ જ હતો. તેણે પિસ્તોલ તાકીને એક બે ત્રણ વખત ધડાધડ ટ્રીગર દબાવી. ત્રણ ધડાકા થયા. એક ગોળી નસકોરાં પર વાગી. એક આંખની ભ્રમર પાસે વાગી. ધાર્યુ પરિણામ આવ્યું. આવો પ્રતિકાર થવાથી પાછલા પગે હટીને જાય ભાગ્યું.

''દીદી ! મેં બરાબર કર્યુ ને ?'' વિશુએ પૂછ્યું. ''શાબાશ! આપણે નાનાં નાનાં ટાબરિયાંઓ કહેવાય. આપણી સાથે હીરો ફકત તેર મહિનાનું બાળક છે. એટલે સાધારણ જંગલી બિલાડો પણ કૂમળું માંસ ખાવા હુમલો કરવા પ્રેરાય એમ છે. આપણે ક્ષણેક્ષણ સાવધ રહેવું પડશે. પણ ભાઈ ! આ ધડાકાનો અવાજ બહુ મોટો લાગ્યો.''

''હા દીદી! એ રમકડાંની પિસ્તોલ છે. તેની ગોળીથી વાગે ઓછું, પણ ધડાકો એટલો બધો મોટો થાય કે નિશાન ચૂકી ગયા પછી પણ જાનવર અવાજથી ગભરાઈને ભાગી જ જવા પ્રેરાય.''

સાગ, સાલ, સિસમનાં વૃક્ષોની હારમાળા રળિયામણી લાગતી હતી. આ વૃક્ષો વનસંપત્તિનું ઝવેરાત કહેવાય એવું પપ્પાની ડાયરીમાં લખેલું હતું એ ધરાને યાદ આવ્યું. તેનાં ખભા પર ભઈલો નિશ્ચિંત જીવે સૂઈ રહ્યો હતો. દરેકનાં ખભા પર થેલામાં જરૂરી સામાન હતો. દિશા આખા રસ્તે મોંમાં આંબળુ ચૂસતાં ચૂસતાં જ ચાલવાની હતી. તેનાં એક હાથમાં અણિયાળું ધારદાર ચાકુ હતું. વિ સૌથી આગળ સાવધાનીપૂર્વક ચાલતો હતો. એ સૌથી છેલ્લે હતી. ક્યારેક ક્યારેક પાછળ પણ જોઈ લેતી હતી. એટલામાં એક રીંછ આવતું દેખાયું. કદાચ રીંછને તેમનો અણસાર નહોતો. બાળકોએ સહેજ સંતાઈને બાજુ પર થઈને તેને નીકળવા દેવાનું મુનાસીબ માન્યું. આ રીતે તેમણે રીંછ સાથેનો સંઘર્ષ ટાળ્યો. ધરાએ કહ્યું કે સામાન્ય રીતે રીંછ માણસો પર હુમલો કરવાને બદલે આઘા રહેવાનું પસંદ કરે છે એવું પપ્પાની ડાયરીમાં તેણે વાંચ્યું છે. (ક્રમશઃ)

# દોષી કોણ

રપ-વાર્તાઓ
## વિક્રમ – વેતાલ
સાગર પબ્લીકેશન-ગાંધીરોડ-અમદાવાદ

એક દિવસ વિદ્યાસાગર પોતાની પત્ની લાજવંતીને લઈ સરોવરે સ્નાન કરવા ગયો. બન્ને જણ નાહતા નાહતા મજાક–મસ્તી કરતા હતા. એટલામાં લાજવંતી પાણીમાં ડૂબી ગઈ. એનું શરીર સરોવરના તળિયે જઈ ફસાઈ ગયું. જે ઉપર આવ્યું જ નહીં. આમ લાજવંતીનું અકાળ મૃત્યુ થવાથી વિદ્યાસાગર અર્ધ પાગલ જેવો થઈ ગયો. સરોવરના કાંઠે બેસી રહેતો અને પોતાની પત્નીને યાદ કર્યા કરતો. ભૂખ–તરસ બિલકુલ મરી ગયેલી.એક દિવસ બુમો મારતો મારતો જંગલ તરફ ભાગી ગયો. ત્યારબાદ એક દેશથી બીજે દેશ ભટકવા લાગ્યો. એ ફકત 'લાજવંતી–લાજવંતી' એમ બોલ્યા કરતો. એની દશા એક ભિખારી જેવી થઈ ગઈ.

વિદ્યાસાગર ફરતો ફરતો કંચનપુર પહોંચ્યો. કંચનપુરમાં એના પિતાનો એક પરમ મિત્ર સુખદેવ રહેતો હતો. સુખદેવનું ધ્યાન જ્ઞાનદાસ પર પડતાં એ એને ઓળખી ગયો. સુખદેવને જ્ઞાનદાસની આવી હાલત જોઈ ઘણું દુઃખ થયું. એ જ્ઞાનદાસને સમજાવીને પોતાને ઘેર લઈ ગયો.

સુખદેવે પોતાની પત્નીને વિદ્યાસાગર કોણ છે ? એ સમજાવ્યું. સુખદેવે પોતાની પત્નીને કહ્યું – 'આજે મંગળવાર છે. એને ખીર બનાવીને



ખવડાવજે.' સુખદેવની પત્નીએ ખીર બનાવી. ખીર એને આપી તો કાંઈ બોલ્યા વગર ખીરનું પાત્ર લઈ ઘરની બહાર આવેલ બગીચામાં ઝાડ નીચે જઈને બેઠો. બાજુમાં ખીરનું પાત્ર મૂકી પોતાની પત્ની લાજવંતીના વિચારમાં ખોવાઈ ગયો. વિદ્યાસાગર જયાં બેઠો હતો ત્યાં નીચે એક વિષધર સાપનું દર હતું.

એટલામાં સાપ દરમાંથી બહાર આવ્યો. ખીરના પાત્રમાં પોતાનું ઝેર ઓકી સાપ ત્યાંથી ચાલ્યો ગયો. વિદ્યાસાગરને આ વાતની કાંઈ ખબર જ ન હતી. એ પાત્રમાં રહેલી ખીર ખાઈ ગયો. ખીર ખાતાની સાથે એને પસીનો નીકળવા માંડયો. એનું શરીર ઢીલું પડવા માંડયું. એ સમજી ગયો કે શરીરમાં ઝેર ચઢયાની અસર છે. એ દોડતો બુમ મારતો ઘરમાં ગયો. અને જોરજોરથી બોલવા માંડયો – 'મને ખાવામાં ઝેર આપ્યું ઝેર આપ્યું.' આમ બોલતાં બોલતાં જ ઢળી પડયો અને એના પ્રાણ ઉડી ગયા. (ક્રમશઃ)

# આટલી જાતનાં માણસ હોય છે

અવળચંડા, અકલમઠા, અદેખા, અકર્મી, આપડાયા, ઓશિયાળા, ઉતાવળા, આઘાપાસિયા, એકલપંડા, ઓટીવાળ, કજિયાખોર, કદરૂપા, કરમહીણા, કવાજી, કસબી, કપટી, કપાતર, કકળાટિયા, કામી, કાળમુખા, કાવતરાખોર, કાણગારા, કાંડાબળિયા, કમજાત, કાબા, કબાડા, અધકચરા, અજડ, આળસું, અટકચાળિયા, ખટપટિયા, ખૂંધા, ખાવધરા, ખટહવાદિયા, ખૂટલ, ખેલાડી, ખેલદિલ, ખોચરા, ખુવાર, ગરજુડા, ગપસપિયા, ગપ્પીદાસ, ગણતરીબાજ, ગળેપડું, ગંદા, ગંજેરી, ગાંડા, ગોલા, ગોબરા, ગમાર, ગુણગ્રહી, ગભરૂ, ગુલાટમાર, ગાલાવેલિયા, જ્ઞાની, ઘરરખા, ઘરમુલા, ઘમંડી, ઘરઘૂસલા, ઘરફાડુ, ઘેલહાગરા, ઘોંઘાટિયા, ઘૂસણખોર, ચતુર, ચહકેલ, ચબરાક, ચોવટિયા, ચાપલા, ચાગલા, ચીકણા, છકેલછોકર મતીયા, છેલબટાઉ, છીછરા, જબરા, જોરાવર, જબરવસીલા, જોશીલા, ઝીણા, ઠરેલ,



ઠાવકા, ઠંડા, ડંફાસિયા, ડાકુ, ડરપોક, ડંખીલા, ડફોળ, તમોગુણી, તરંગી, તુક્કાબાજ, દયાળુ, દરિયાદિલ, દાતાર, દાણચોર, દુઃખિયા, દિલદગડા, દોરંગા, દોઢડાયા, દિલદગડા, ધંધાદારી, ધમાલિયા, ધોકાપંથી, ધાડપાડું, ધુતારા, ધર્મનિષ્ઠ, ધૂળધોયા, ધીરજવાન, નવરા, નગુણા, નખોદિયા, નમાલા, નીડર, નિઃસ્વાર્થી, નિજાનંદી, નિષ્ઠુર, નિર્ણય, નિર્મોહી, પરોપકારી, પરિશ્રમી, પરાધીન, પહોંચેલા, પંચાતિયા, પાણિયાળા, પાંગળા, પુઢષાર્થી, પોચા, પોપલા, પ્રેમાળ, પાગલ, પોમલા, ફરતિયાળ, ફોશી, ફતનદિવાળિયા, ફાંકાળ, ફાલતુ, ફુલણસિંહ, ફાટેલ, બહાદુર, બગભગત, બટકબોલો, બચરવાળ, બહુરંગા, બેદરકાર, બીકણ, બિચારા, બોતડા, બાયલા, બોલકણા, બળવાખોર, બુદ્ધિશાળી, ભડવીર, ભૂલકણા, ભલા, ભદ્રિક, ભારાડી, ભાંગફોડિયા, ભૂંડા, ભોળા, ભમરાળા, મરણિયા, મસ્તીખોર, મફતિયા, મનમોજી, મતલબી, મીઠા, મીઠાબોલા, મિંજરા,મારફાડિયા, માયાળુ, માખણિયા, મારકણા, મૂરખા, મરદ, રમૂજી, રમતિયાળ, રસિક, રાજકારણી, રજવાડી, રિસાવા, રોનકી, રોતી, રૂડા, રેઢલ, રેઢિયાળ, સુધરેલા, સમજદાર, શંકાશીલ, શાણા, સંતોષી....

# દેશવિદેશના જોકરો



બાલ એક્સપ્રેસ
પ્રિન્સીપાલ/ટ્રસ્ટી શ્રી રવજીભાઈ કાચા સાહેબ
શ્રી દિપક હાઈસ્કૂલ
શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી
મો.૯૪૦૮૧ ૫૭૦૯૨

# ચિત્રમાં રંગ પુરો



# જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેલા

સ્કંધ પહેલાં

૧. જગતમાં બીજાને રડાવશો નહીં. જાતે રડજો. રડવાથી પાપ બળે છે.
૨. ઈશ્વર સ્મરણ વારંવાર કરવાથી ભાવ શુધ્ધ થાય છે.
૩. વંદનથી પ્રભુ બંધનમાં આવે છે.
૪. ભગવાનની સ્તુતી રોજ ત્રણવાર કરવી. સવારે બપોરે અને રાત્રે સૂતાં પહેલા તે ઉપરાંત સુખમાં, દુઃખમાં અને અંતકાલે સ્તુતી કરવી.
૫. સંસારીને સંસારનું ઝેર વારંવાર બાળે છે.
૬. રોજ પ્રાર્થના કરજો : “નાથ આપ મારા મરણ સમયે જરૂર આવજો.”
૭. ભગવાનને તમારૂ મન તમારી બુધ્ધિ અર્પણ કરો.
૮. દેહના અવસાન વખતે વીસ કરોડ વીંછીઓ કરડે એટલું દુઃખ થાય છે.
૯. ભીષ્મે કરેલી સ્તુતી અનુપમ છે, તે કંઠસ્થ કરવા જેવી છે. એને 'વરાજ' સ્ત્રોત પણ કહે છે.
૧૦. માનવ જીવનની છેલ્લી પરિક્ષા મરણ છે. જેનું જીવન સુધરે એનું મરણ સુધરે. મરણ ત્યારે સુધરે જયારે પ્રતિક્ષણ સુધરે. જીવન એનું સુધરે જેનો સમય સુધરે છે. જેને સમયની કિંમત છે. કણનો દુરૂપયોગ ન કરો અને ક્ષણનો દુરૂપયોગ ન કરો.

# ઉદ્યાનલતા અને વનલતા

જ્ઞાનજયોતિ
શ્રી ગિજુભાઈ ભરાડ

જીવનને છૂટ આપવામાં આવે અને નિરંકુશ રાખવામાં આવે તો એ વનલતા બની જાય છે. જંગલમાં ખીલેલ વેલ ગમે તેટલા ફુલોથી છલકતી હોય, એને દિશા કે માર્ગ કે ઉન્નત માર્ગ આપનાર માળી તેની પાસે હોતો નથી. બગીચામાં ખીલેલ ગાંડી વેલ પર નિશ્ચિત આકાર, ઘટા અને દિશામાં વિકસતી હોવાને કારણે પોતાના સૌંદર્યનું અનુપમ સ્વરૂપ વ્યકત કરે છે, એ ઉદ્યાનલતાને એનો માળી સંભાળ રાખીને યોગ્ય આધાર આપીને કૌશલ યુકત બનાવે છે. વનલતા તો કોઈવાર બાવળતા ઝાડ પર ચડીને પોતે જ પાંદડે–પાંદડે વીંધાઈ જાય છે, જયારે ઉદ્યાનલતા પોતાના દીર્ઘકાલીન સલામત અસ્તિત્વ સાથે બાગની શોભા બની રહે છે. અનેક વનલતાઓ વનભૂમિ પર જ પથરાયેલી જોવા મળે છે. જિંદગી એક લતા છે, વેલ છે, એ વનલતા બની ન જાય એની સંભાળ રાખવાની છે અને ઉદ્યાનલતા બનવા માટે સારો માળી ન મળે ત્યાં સુધી એણે જાતે જ સંભાળ લેવાની છે.

# યુરોપની ધરતી પર યુરોપિયન અભ્યાસ

શ્રી અરવિંદ જીવનધારા
ગુજરાત સાહિત્ય અકાદમી લેખકશ્રી : જયોતિબહેન થાનકી

દાર્જિલિંગમાં બે વરસ વિતી ગયાં. પુત્રોનો અભ્યાસ પણ સારો ચાલતો હતો. પણ પિતાના હદયને હજુ સંતોષ નહોતો. પુત્રોને સંપૂર્ણપણે યુરોપિયન બનાવવા હોય તો તેમની કેળવણી ઈંગ્લેન્ડની ધરતી પર જ થવી જોઈએ. એમ જણાતાં ડો. કૃષ્ણધને ત્રણેય પુત્રોને માન્ચેસ્ટર ચર્ચના પાદરી મિ. ફયુએટના ઘરે રાખવાની વ્યવસ્થા કરી. આ પાદરી ગ્રીક અને લટિન ભાષાના વિદ્વાન હતા અને તેઓ હિંદમાં રંગપુરના મજિસ્ટ્રેટ મિ. ગ્લેઝિયર કે જેઓ ડો. કૃષ્ણધનના મિત્ર હતા. તેમના ઓળખીતા હતા. તેમની ભલામણથી ડો. કૃષ્ણધન આ પાદરીને ત્યાં પોતાના પુત્રોને રાખવાની વ્યવસ્થા કરી શક્યા. મિ. યુએટને પોતાના પુત્રોની ભલામણ કરતાં ડો. કૃષ્ણધને કહ્યું : “જુઓ, મિ. ડ્યુએટ, મારા પુત્રોને હું હિન્દુસ્તાનથી એટલા માટે લાવ્યો છું, અને તમારા ઘરમાં મેં એટલા માટે મૂક્યા છે કે તેઓ પૂરેપૂરા યુરોપિયન બને. તેઓ હિંદુ કુટુંબનાં બાળકો છે એ રીતે નહીં પણ અંગ્રેજ કુટુંબનાં બાળકો છે, એ રીતે તેમને રાખશો.”

“હા, અમે અમારાં જ બાળકોની જેમ તેમને રાખીશું.”“ અને એક વાત ખાસ યાદ રાખશો કે એમને કોઈ હિંદીને મળવા દેશો નહીં, અને તેમનાં ઉપર હિંદુ સંસ્કારોનો છાંટો પણ ન પડે તેની ખાસ કાળજી રાખજો.”

“ભલે મિ. ઘોષ, તમારી ઈચ્છા મુજબ જ થશે. તમે નિશ્ચિંત રહેજો.” પાદરી મિ. ડ્યુએટે આપેલી ખાતરીથી ડો. કૃષ્ણધન નિશ્ચિંત બની ગયા. તેઓ પત્ની અને નાની પુત્રી સરોજિની સાથે થોડો સમય ઈંગ્લેન્ડ રહ્યા. ઈંગ્લેન્ડમાં સ્વર્ણલતા દેવીએ ચોથા પુત્રને જન્મ આપ્યો. ડો. કૃષ્ણધને આ પુત્રનું પૂરેપૂરૂં અંગ્રેજી નામ આપ્યું ઈમેન્યુએલ. જે પછીથી ક્રાન્તિકારી બારીન્દ્રકુમાર ઘોષ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

# બાળ દેવદૂત

બાળ કેળવણીમાં સહાયક સુવિચારોનું સંકલન
પ્રકાશક જી.બી.મકવાણા દિગ્વિજયસિંહ ચુડાસમા વાલજીભાઈ રાઠોડ

૧. બાળ કેળવણીમાં વિજયની ચાવી છે. તેમાં જો આપણો વિજય પામીશું, તો પછી સર્વત્ર વિજય જ છે. – મહાત્મા ગાંધી ૨. બાળક એ કુદરતે માણસને બક્ષેલું અણમોલ રતન છે. માણસની કેટલીક ભાવનાઓ બાળક દ્વારા પૂર્ણતાએ પહોંચે છે. માનવીય ગુણોના વિકાસમાં સૌથી મહાન અને સૌથી પ્રથમ બાળક જ છે. – એડોલ્ફ જુસ ૩. કુદરતથી અલિપ્ત બાળક કુદરતના ભેદ કેમ ઉકેલશે ? ઝળહળતી ચાંદની, ટેકરીના કાંકરા, ખુલ્લી હવા અને આકાશી રંગો બાળકને મળેલી કુદરતી ભેટો છે. કુદરતનો આનંદ એને મન ભરીને માણવા દો.

૪. બાળક માતા–પિતાનો આત્મા છે. બાળક આંગણાની શોભા છે. બાળક તો આપણા જીવનસુખની પ્રફુલ્લ તેમજ પ્રસન્ન ઉઘડતી કળી છે. – ગિજુભાઈ બધેકા

૫. બાળકને તમે મારો તેના પહેલાં ખાતરી કરી લેજો કે, તેના ગુનાનું કારણ તમે તો નથી ને ? – એસ્ટિન સો મેલે

૬. આપણી આંખમાં અમૃત છે કે ઝેર, આપણી વાણીમાં મીઠાશ છે કે કડવાશ, આપણા સ્પર્શમાં કોમળતા છે કે કર્કશતા, આપણા અંતરમાં શાંતિ છે કે અશાંતિ, આપણા મનમાં આદર છે કે અનાદર, બાળકો આ બધુ તરત સમજી જાય છે. બાળકોને આપણને એકદમ ઓળખી જાય છે. – ગિજુભાઈ બધેકા

૭. બાળકો આ સંસારમાં તમારા દ્વારા આવે છે, તમારામાંથી એ બનતા નથી. – ખલીલ જિબ્રાન

૮. જેને બાળકો સન્માન આપે છે તેણે જગતમાં બીજા કોઈના સન્માનની જરૂર નથી. – રવિશંકર મહારાજ

૯. બાળકોએ ચમકતા તારા છે જે ભગવાનના હાથમાંથી છૂટીને ધરતી ઉપર આવે છે. – સી. રાજગોપાલાચારી

૧૦. તમે દુનિયા આખીને છેતરી શકશો પણ તમારાં બાળકોને નહીં છેતરી શકો. તમે બધાનાં બનાવી શકશો પણ તમારાં બાળકોને નહીં બનાવી શકો. તમે સૌનાથી છુપાવી શકશો પણ તમારા બાળકથી કશું નહીં છુપાવી શકો. બાળક સર્વજ્ઞ છે, સર્વ વ્યાપક છે, સર્વ શકિતમાન છે. – ગિજુભાઈ બધેકા

# અદેખાઈનું ફળ – રાજેશ એમ. પરમાર

એક ઘનઘોર જંગલ હતું. તેમાં ઘણાં બધાં પશુ–પક્ષીઓ રહેતાં હતાં. સૌ સંપીને રહેતાં હતાં. તે સૌમાં એક સસલાભાઈ પણ હતા. સસલાભાઈ તો સૌના માનીતા અને લાડીલા, કારણ કે તે જંગલમાં બધાં પશુ–પંખીને કોઈ પણ કામ હસતા મુખે કરતા. ક્યારેક હાથીભાઈના બચ્ચાને ચરાવવા લઈ જાય, વળી ક્યારેક વાઘભાઈને ગુફા બનાવવામાં મદદરૂપ થાય. આમ, આખો દિવસ સસલાભાઈ તો કામમાં વિતાવે.એક દિવસ બધાં પશુ–પક્ષીઓ નદીકિનારે એકઠાં થયાં.હાથીભાઈ બોલ્યા : 'આ આપણા સસલાભાઈ આપણા સૌનું કેટલું કામ કરે છે ! તો આપણે પણ તેના કામની કદર કરવી જોઈએ.”

તરત જ રીંછભાઈ બોલ્યા, “હા હાથીભાઈની વાત સાચી છે. આપણે સસલાભાઈનું સન્માન કરવું જોઈએ.” બધાં પ્રાણીઓએ સસલાભાઈના સન્માનની વાતને વધાવી લીધી. પણ લુચ્ચા શિયાળને આ વાત જરા પણ ગમી નહીં. પણ કરે શું ? બહુમતી સસલાભાઈની હતી, આથી એને પણ હામાં હા મિલાવવી પડી.નદીકિનારે સન્માન– સમારંભ ગોઠવાયો. ઢાળ ઉપર વાથભાઈ, રીંછભાઈ, હાથીભાઈ વગેરે મહાપશુઓ ગોઠવાયાં. સિંહભાઈ ઢાળ પર સેની વચ્ચે રોફ સાથે બેઠા. પક્ષીગણના અગ્રણી તરીકે ગઢડભાઈને ઢાળ પર સ્થાન આપવામાં આવ્યું. તે સૌની સામે નીચે બિલ્લીબાઈ, હરણભાઈ, સાબરભાઈ જેવાં પ્રાણીઓ બેઠાં. વાંદરાભાઈ તો પોપટ, કાગડા, મોર, કોયલ જેવાં પક્ષીઓ સાથે ઝાડની ડાળી પર બેઠા. સસલાભાઈની તો ખાસ બેઠક રાખવામાં આવી. સમારંભમાં દરેક પ્રાણીઓએ સસલાના ખૂબ વખાણ કર્યા. સસલાભાઈનું હાર–તોરાથી સન્માન કરવામાં આવ્યું.

શિયાળભાઈ તો મનમાં ને મનમાં બળે, પણ કહેવું કોને ? તેણે વિચાર્યું, આ સસલાનું આટલું બધું માન ! અને આપણો કોઈ ભાવ પણ ન પૂછે ? આ સસલાને પાઠ ભણાવવો જ પડશેથોડા દિવસો વીત્યા. સસલાભાઈ રસ્તા પર જતા હતા. રસ્તામાં શિયાળે તેને રોક્યું અને કહ્યું, “સસલાભાઈ, સસલાભાઈ, મારૂ એક કામ કરશો ?”સસલાભાઈ બોલ્યા “અરે, શિયાળભાઈ મેં કોઈ દિવસ કોઈ કામની ના કહી છે ? બોલો શું કામ છે ?”શિયાળે કહ્યું, “અહીંથી થોડે દૂર આવેલ કૂવામાં મારૂં બચ્ચું પડી ગયું છે. તેને તમારે બહાર કાઢવાનું છે.”સસલાભાઈએ કહ્યું. “શિયાળભાઈ, તમાઢં બચ્ચું કૂવામાં પડી ગયું તેનુંમને દુઃખ થાય છે, પણ હું તેને બહાર શી રીતે કાઢું ?”
શિયાળે કહ્યું, “આ મારી પાસે દોરી છે તે તમને બાંધીને નીચે કૂવામાં ઉતારીશ. તમારે તેની સાથે વધેલ દોરી સાથે બચ્ચાને બાંધી દેવાનું. પછી હું તમને બંનેને ઉપર ખેંચી લઈશ. તમને મારા પર વિસ નથી ?”શિયાળ



કરગરવા લાગ્યું. સસલાભાઈને તેની પર દયા આવી. તેણે તો શિયાળભાઈની વાત માની લીધી.શિયાળ તો તેને કૂવા પાસે લઈ ગયું. પછી દોરીથી બાંધી સસલાભાઈને તો કૂવામાં ઉતાર્યા. સસલાભાઈએ કૂવામાં જોયું તો તેમાં કોઈ હતું નહીં. તેઓ શિયાળની લુચ્ચાઈ સમજી ગયા. શિયાળે તો દોરી હાથમાંથી છોડી દીધી. સસલાભાઈ તો પાણીમાં રહી બૂમો પાડવા લાગ્યા. પણ શિયાળભાઈ તો ચાલ્યા ગયા.પણ કહેવાય છે ને કે રામ રાખે તેને કોણ ચાખે ? બરાબર તે જ સમયે હાથીભાઈ કૂવા પાસેથી નીકળ્યા. હાથીભાઈ તો સસલાભાઈનો અવાજ ઓળખી ગયા. તેણે અવાજની દિશામાં કૂવા પાસે આવીને જોયું તો સસલાભાઈ પાણીમાં તરફડતા હતા. સદ્નસીબે દોરીનો એક છેડો ઉપર જ હતો. હાથીભાઈએ તો એ છેડો સૂંઢમાં પકડી સસલાભાઈને બહાર કાઢ્યા. થોડીવારે સસલાભાઈ સ્વસ્થ થયા. તેણે તો હાથીભાઈને માંડીને વાત કરી. હાથીભાઈનો મિજાજ ગયો. તે તો દોડતા ગયા શિયાળ પાસે. એણે તો સૂંઢ વડે શિયાળને ખૂબ પછાડ્યું. દેકારો થતાં ત્યાં આજુબાજુનાં પશુઓ ભેગા થઈ ગયાં. હાથીભાઈએ શિયાળની લુચ્ચાઈની સૌને વાત કરી. સૌએ કહ્યું, શિયાળને એના કુકર્મની સજા થવી જ જોઈએ. આ સાંભળી શિયાળનાં મોતિયાં મરી ગયાં તેણે લાચારી ભર્યા ચહેરે સસલાભાઈ સામે જોયું. સસલાભાઈને શિયાળની દયા આવી.સસલાભાઈએ કહ્યું, “પશુમાત્રથી ક્યારેક આવી ભૂલ થઈ જાય. હવે શિયાળભાઈને સૌ માફ કરી દો.” આ સાંભળી શિયાળને એની ભૂલનું ભાન થયું. એણે સસલાભાઈ સહિત બધા પ્રાણીઓની માફી માંગી.

('બાલસૃષ્ટિ' – ડિસેમ્બર)

# અવરોધોથી અકળાશો નહીં

માનસિક શાંતિનાં સચોટ ઉપાયો
લેખક શ્રી સેન.આનંદનારાયનમ્


કેટલાક લોકો સારૂ કામ કરતા હોય અને તેમાં અવરોધો આવે તો અકળાઈ ઊઠે છે. પણ અકળાઈ જવું જોઈએ નહિ, કારણ કે સારા કામના માર્ગમાં અવરોધો તો આવવાના જ. અવરોધો તો સારૂ કામ કરનારના ખમીરની કસોટી કરવા આવે છે. તેઓ નિષ્ઠા, તેની ફરજ અને તેની શ્રધ્ધાનું પારખું લેવા આવે છે. સારૂ કામ કરવાનો તમારો નિર્ણય જેમ જેમ વધારેને વધારે મજબૂત થતો જશે તેમ તેમ વિરોધી બળો વધારે ને વધારે શકિતશાળી બનતાં જશે. પરંતુ તમે વિચલિત ન થશો. તમે કાર્ય છોડી ના દેશો. તમે તાબે ના થશો. આત્મશ્રધ્ધા અને ઈશ્વર શ્રધ્ધાના બળથી તમે મુસીબતોને પાર કરી શકશો. મુસીબતો અને કસોટીઓનો સામનો કર્યા વગર, તમે કોઈ પણ ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરી શકશો નહીં. પરીક્ષાઓ પસાર કરવાની તૈયારી વગર પદવી મેળવવાની અપેક્ષા રાખવી તે તદ્દન અઘટિત છે.

તમે મુશ્કેલીઓથી દુર ભાગશો તો જીવનમાં કોઈપણ સારૂ કામ કરી શકશો નહીં. બહુ બહુ તો તમે આળસમાં પડી રહેશો. પણ આળસમાં પડી રહેવું એ કાંઈ જીવન નથી. સાચું જીવન તો સહેતુક હોવું જોઈએ. જીવનમાં ઉચ્ચ આદર્શો હોવા જોઈએ અને એ આદર્શો સિદ્ધ કરવા ઝઝૂમવાની તમન્ના હોવી જોઈએ.

# આ મારું ચિત્ર છે



માધડ અનિરૂદ્ધ મુકેશભાઈ
(જનતા વિદ્યાલય – વડેરા)



જોગાણી પૂર્વ હરેશભાઈ
(ધો.૭, તૂન્ની વિદામંદીર




રૂદ્રા ચેતનભાઈ બગથળીયા
( ધો.૯, પાઠક સ્કુલ – અમરેલી )




સુવાળીયા હરીતા એમ.
( ધો.૧૧, સેન્ટમેરી હાઈસ્કુલ)

### ગુજરાતમાં ચોમાસા પૂર્વેની તૈયારીઓ તેજ

# વહેલી તકે પ્રિ-મોન્સૂન કામગીરી પૂર્ણ કરવા સરકારનો આદેશ

**પાણી ભરાવા, ટ્રાફિક અવરોધ, અકસ્માતો અને અન્ય આપત્તિજનક પરિસ્થિતિઓને ટાળવા પ્રિ-મોન્સૂન કામગીરીને ઝડપી બનાવવામાં આવી**

અમદાવાદ, તા. ૮

રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આગામી ૧૫ જૂન પહેલાં 'પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન' અંતર્ગત તમામ કામગીરી પૂર્ણ કરવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. ચોમાસા દરમિયાન ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સૌથી મોટી ચિંતા બની રહેતી હોય છે. આ સમસ્યાના નિવારણ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા શહેરના નાના-મોટા વરસાદી વોંકળા, કેનાલો અને ડ્રેનેજ લાઈનોની સફાઈ કામગીરીને વેગ આપવામાં આવ્યો છે.

ગત વર્ષોમાં જ્યાં વધુ વોટરલોગિંગની ફરિયાદો નોંધાઈ હતી તેવા વિસ્તારોમાં ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ડ્રેનેજ લાઈનોમાંથી કચરો અને કાંપ દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જ્યાં જરૂરી જણાશે ત્યાં પહેલાથી જ વોટર પંપ ગોઠવવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જેથી ભારે વરસાદ દરમિયાન પાણીનો નિકાલ ઝડપથી થઈ શકે. શહેરોમાં વરસાદી પાણીના પ્રવાહમાં કોઈ અવરોધ ન સર્જાય તે માટે સંબંધિત વિભાગોને સતત મોનિટરિંગ રાખવા સૂચના આપવામાં આવી છે.

ચોમાસા દરમિયાન ભારે પવન અને વાવાઝોડા જેવી પરિસ્થિતિઓમાં અકસ્માતો ન બને તે માટે સુરક્ષાત્મક પગલાં પણ લેવામાં આવી રહ્યા છે. જોખમી વૃક્ષોની છાંટણી શરૂ કરવામાં આવી છે, જ્યારે રસ્તાઓ પર લગાવવામાં આવેલા જોખમી હોર્ડિંગ્સની તપાસ કરીને તેને ઉતારી લેવા માટે આદેશ આપવામાં આવ્યા છે. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિતના મહાનગરોમાં જર્જરિત મકાનો સામે પણ તંત્ર સક્રિય બન્યું છે. જોખમી ઈમારતોને નોટિસ પાઠવી ખાલી કરાવવાની તેમજ જરૂર જણાય ત્યાં તોડી પાડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સાથે જ વીજળીના થાંભલા અને વાયરોનું મેન્ટેનન્સ કરીને શોર્ટ સર્કિટ જેવી ઘટનાઓ અટકાવવા પણ આયોજન હાથ ધરાયું છે.

રાજ્ય સરકાર દ્વારા આગામી ૧ જૂનથી તમામ મહાનગરોમાં ૨૪ કલાક કાર્યરત રહે તેવા મોન્સૂન કંટ્રોલ રૂમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમ વરસાદી પરિસ્થિતિ, પાણી ભરાવા અને ઈમરજન્સી સ્થિતિ પર સતત નજર રાખશે. ઉપરાંત રેસ્ક્યુ ટીમોની સજ્જતા ચકાસવા માટે મોકડ્રિલ પણ યોજાશે, જેથી પૂર અથવા આપત્તિના સમયે તાત્કાલિક કામગીરી કરી શકાય. સરકારના ઉચ્ચ સ્તરે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે નાગરિકોની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તમામ મનપા કમિશનરોને ૧૫ જૂન સુધીમાં સફાઈ તેમજ સુરક્ષા સંબંધિત કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવા માટે કહેવામાં આવ્યું છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆતથી

## લાઠી : વીરપુર કરકોલીયા માર્ગનું ૧.૫૦ કરોડથી નવિનીકરણ

**સમગ્ર પંથકની જનતામાં ખુશીનો માહોલ**



અમરેલી, તા. ૮

લાઠી–બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે લાઠી તાલુકાના વિરપુર અને કરકોલીયા ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૧.૫૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

વિરપુર અને કરકોલીયા ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

### અમરેલી નજીક આવેલ

## મોટા માચીયાળા ખાતે આવતીકાલે મૂર્તિ પ્રતિષ્ઠા અને સંતવાણી યોજાશે

**ધર્મપ્રેમીઓને ઉપસ્થિત રહેવા અનુરોધ**

અમરેલી, તા. ૮

અમરેલીના મોટા માચીયાળા ગામે તારીખ : ૧૦મી મે રવિવારના રોજ પ્લોટ વિસ્તારમાં નવનિર્મિત મંદિરે ચુંવાળીયા કોળી ઠાકોર સમાજના ધર્મગુરૂ સંત વેલનાથ બાપુની મૂર્તિ પ્રતિષ્ઠા અને સંતવાણીના ધાર્મિક ઉત્સવ રાખવામા આવેલ હોય તેમા મહાયજ્ઞ, શોભાયાત્રા, સંતોના સામૈયા, મહાઆરતી, મહાપ્રસાદ તથા રાત્રીના સમયે ઠાકોર સમાજના ખ્યાતનામ કલાકારો તમન્નાબેન ઠાકોર, બટુકભાઈ ઠાકોર તથા સમાજ તથા અન્ય સમાજના નામી– અનામી સંતવાણી કલાકારો સાથે સુપ્રસિધ્ધ અનેક સંતો–મહંતો, સમાજ અગ્રણીઓ, મહિલા સત્સંગ મંડળો, રાજકીય અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, કર્મચારીઓ તથા વેલનાથ અને માંધાતા યુવક મંડળો પોતાના ગૃપ, સંગઠન મડળો સાથે ઉપસ્થિત રહેનાર હોય આ ધાર્મિક કાર્યને સફળ બનાવવા સમસ્ત ગ્રામજનો તથા ચુંવાળીયા કોળી ઠાકોર સમાજના તમામ પરીવારો યોગદાન આપી રહેલ હોય આ ધાર્મિક પ્રસંગમાં સૌ ધર્મપ્રેમી લોકોને પધારવા વેલનાથ યુવક મંડળ મોટા માચીયાળા તરફથી જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

પાના ૮ ઉપરનું ચાલું **લીલીયા મોટામાંથી ગુમ થયેલ બાઈક**

રહે. પાંચપીપળા (તા. પાલીતાણા) ગઈકાલ તા. ૬/૫/૨૬ના રોજ લીલીયા મોટા, અમરેલી રોડ ઉપર પાર્ક કરેલ હિરો સ્પ્લેન્ડર મો.સા ક્યાય જોવામા આવેલ ન હોય જે ગુમ થયેલ હોય જે મોટર સાયકલના રજી નં. જી.જે.–૦૪ બીએસ–૪૮૭૨ની કિંમત રૂા. ૩૫૦૦૦ની તપાસ કરતા અમરેલી રોડેથી ગુમ થયેલ મોટર સાયકલ ટેકનીકલ તેમજ હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મોટર સાયકલ શોધી મુળ માલીકને પરત કરવામાં આવી છે.

આમ સમગ્ર કામગીરીમાં લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. તથા પોલીસ સ્ટાફના માણસો જોડાયા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૮૪૦ | ૧૪૯૫ |
| ૨ | શિંગદાણા | ૧૪૦૦ | ૨૨૫૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૬૨૦ | ૧૮૪૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૧૫ |
| ૫ | તલ કાળા | ૨૩૪૦ | ૩૫૪૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૧૩૫ | ૨૧૩૫ |
| ૭ | બાજરો | ૪૯૦ | ૫૧૫ |
| ૮ | જુવાર | ૫૧૦ | ૯૦૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૪૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૫ |
| ૧૧ | મગ | ૧૫૭૦ | ૧૮૦૦ |
| ૧૨ | અડદ | ૧૦૨૦ | ૧૫૯૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૨૦ | ૧૦૮૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૧૬ | તુવેર | ૯૩૦ | ૧૪૨૦ |
| ૧૭ | કપાસ | ૧૦૫૦ | ૨૦૩૦ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૨૬૫ |
| ૧૯ | જીરૂ | ૨૫૦૦ | ૩૮૯૦ |
| ૨૦ | રાય | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૨૧ | ધાણા | ૨૨૦૦ | ૨૪૫૦ |
| ૨૨ | ધાણી | ૨૦૦૦ | ૨૫૪૦ |
| ૨૩ | મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૨૪ | સોયાબીન | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૫ | મરચા લાંબા | ૨૩૮૦ | ૨૬૭૦ |
| ૨૬ | સુવાદાણા | ૧૩૨૦ | ૧૩૨૦ |

## રાજકોટ : રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયાનો આજે ૭૩મો જન્મદિવસ



અમરેલી, તા. ૮

રાજકોટ રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયાનો તા. ૦૯, મેં, શનીવારના રોજ ૭૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ સેરાષ્ટ્રના સેવાક્ષેત્રમાં અનેક સંસ્થા સાથે જોડાયેલા કિરીટભાઈ કેસરીયાનું નામ એક અદના કાર્યકર તરીકે જાણીતું છે. તન મન, ધન, વચન, કર્મથી સતત સક્રિય અને યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિથી સેવારત કિરીટભાઈ છેલ્લા ૨૮ વર્ષથી ખાસ કરી લોહાણા જ્ઞાતિનો વિકટ પ્રશ્ન બની ગયેલ દિકરા દિકરીનાં વૈવિશાળના મુદ્દે કાર્યરત છે. સમગ્ર ભારતમાં નવા જમાનાને અનુરૂપ વોટસએપ દ્વારા ૮૫ ગ્રુપની શરૂઆત કરી હજજારો દિકરા–દિકરીઓની માહિતી ઘેર બેઠા પરસ્પર મળી રહે તે માટે બાયોડેટાની આપ–લે કરી નવતર પ્રયાસ કર્યા છે. રાજકોટના નામાંકિત રઘુવંશી અગ્રણીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ કિરીટભાઈની આ સેવાનો લાભ લેવા સઘ તત્પર હોય છે અને તે લોકોની પ્રશંસાપાત્ર બની ગયેલ છે. સ્પુવંશી સમાજ માટે આશીર્વાદરૂપ સેવા વિનામુલ્યે અને વિના અપેક્ષાએ કિરીટભાઈ ચલાવી રહ્યાં છે. હવે મેરેજ બ્યુરો સુધી કારણોવસાત ન પહોંચી શકતા લોકો માટે વોટસએપથી સેવા એટલે મેરેજ બ્યુરો સેવા તમારી મુઠ્ઠીમાં કે તમારા આંગળીના ટેરવે એવું કહેવાતુ થયું છે.

કિરીટભાઈ કેસરીયા દ્વારા આગામી ટુંક સમયમાં જ રઘુવંશી દિકરા–દિકરીઓ માટે ''નિઃશુલ્ક ઘુવંશી મહા પરીચય મેળો'' રાજકોટના હાર્દસમા હેમુ ગઢવી હોલ ખાતે યોજવામાં આવશે.

વોટસએપ દ્વારા જબરો પ્રતિસાદ મળી રહ્યો છે. ઝડપી ત્વરીત સેવાના કારણે લગભગ દર માસે ૧૫ થી ૨૦ સગપણો થાય છે. કિરીટભાઈ કેશરીયાની માનવતાવાદ સેવા ખૂબ જ સહજ અને સમાજ પ્રત્યેની પોતાની પવિત્ર સેવા સમજી કરી રહ્યા. ઉપરાંત રાજકોટમાં તેના રોજજીંદા ક્રમમાં સવારથી રાતનાં મોડે સુધી કિરીટભાઈનો મોબાઈલ રણકતો રહે છે અને દરેક લોકોને પ્રેમપૂર્વક જવાબો અને માર્ગદર્શન આપે છે. ગુજરાત ગૌરવ કાઉન્ડેશનમાં એડમીન તરીકે કિરીટભાઈ સેવા આપી રહ્યા છે. આ વિના એકમાત્ર ગુજરાતીઓનું મોટું કાઉન્ડેશન છે જેમાં ૨ લાખ મેમ્બર બનાવવાનું સંકલ્પ છે.

કિરીટભાઈ આ ઉપરાંત અનેક મેરેજ બ્યુરોમાં પોતાની નિસ્વાર્થ સેવા આપી રહ્યાં છે. અનેક દિકસ દિકરીઓના સગપણી તેઓના દ્વારા થયા છે. કિરીટભાઈ કેસરીયા લોહાણા મહાપરિષદ મેરેજ બ્યૂરો કમિટી, અખિલ ગુજરાત લોહાણા સમાજ, અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના, રઘુવંશી પરિવાર સહિતની જ્ઞાતી સંસ્થાઓમાં સતત સક્રિય છે. બિલેર મહાદેવ મંદિરના પ્રમુખપદે સેવા આપી રહ્યાં છે. વિજય બેંકમાં અધિકારી પદે રહી નિવૃત થયેલા કિરીટભાઈ હાલમાં નાગરિક બેંકની યાજ્ઞીક રોડ શાખામાં વિકાસ કમિટીમાં પણ મેમ્બર તરીકે સેવા આપી રહ્યા છે. સંબંધોના માનવી એવા કિરીટભાઈ કોઈપણ જાણીતા કે અજાણ્યા લોકોને મુશ્કેલીમાં સહાયરૂપ થવા તત્પર રહે છે.

રઘુવંશી સમાજના મૂક સેવક કિરીટભાઈ કેસરીયાને જન્મદિન નિમીતે શુભેચ્છા, આશીવૅાદ આપવા મો. ૨૯૮૪૫ ૦૭૭૭૦, કિરીટભાઈ કેસરીયા – વ્હોટસએપ મો. નં. ૯૮૨૪૨ ૨૪૨૭૦

પાના ૮ ઉપરનું ચાલું **વાહનો પર જાતિસૂચક શબ્દો**

નિર્દેશ આપ્યો છે અને વાહન ચાલક નિયમનું ઉલ્લંઘન કરે તો બે હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો આદેશ અપાયો છે. વિભાગે ચેતવણી આપી છે કે, તમામ વાહન માલિકો એક મહિનાની અંદર જાતિસૂચક શબ્દો અથવા સ્ટીકરો હટાવી દે. ત્યારપછી પોલીસ વિશેષ અભિયાન હાથ ધરીને તમામ વાહનોની કડકાઈથી તપાશ કરશે અને ઉલ્લંઘન કરનારને કડક દંડ ફટકારશે. આદેશમાં સ્પષ્ટ કહેવાયું છે કે, નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહન માલિકોને મોટર અધિનિયમ-૧૯૮૮ની કલમ ૧૭૭ અને ૧૭૯ હેઠળ બે હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. વિભાગે તમામ વાહન માલિકોને નિયમોનું પાલન કરવા અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં વાહનો પર જાતિસૂચક શબ્દો લખવા કે સ્ટીકરો લગાવવાનું ભારે ઘેલું છે, તેથી જ વિભાગ દ્વારા આવા કડક આદેશ જાહેર કરવામાં આવે છે. બિહાર પરિવિભાગે જાતિસૂચક શબ્દો હટાવવાનું કડકાઈથી પાલન કરવા માટે એઆઈ કેમેરાથી સજ્જ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ પર ઝડપી કામગીરી હાથ ધરી દીધી છે. આ માટે આખા રાજ્યમાં ૭૦૦ સ્થળો પર એઆઈ કેમેરાથી સજ્જ ઈન્ટેલિજન્સ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (ITMS) લગાવવામાં આવશે. અધિકારીઓએ કહ્યું કે, આ માટે સ્થળોની પસંદગીની કામગીરી ટૂંક સમયાં શરૂ કરાશે.


સંકુલ ગર્લ્સ કોમર્સ બપોર
સંકુલ મિશ્ર કોમર્સ સવાર
સંકુલ EM કોમર્સ સવાર
ધો. ૧૧-૧૨ EM-GM પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 050


## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૩ | શીંગ નવી | ૧૨૫૦ | ૧૫૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| ૫ | તલ કાળા | ૩૧૫૦ | ૩૫૦૦ |
| ૬ | જીરૂ | ૩૬૦૦ | ૩૯૦૦ |
| ૭ | કપાસ | ૧૫૭૦ | ૧૮૪૭ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૩૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૫૩ |
| ૧૨ | મગ | ૧૪૦૦ | ૧૮૨૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૧૪ | તુવેર | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | એરંડી | ૧૨૩૦ | ૧૨૫૫ |
| ૧૬ | મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૭ | રાય/રાયડો | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૧૮ | ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૧૯ | સોયાબીન | ૧૧૦૦ | ૧૧૮૦ |

### તમિલનાડુમાં હવે સરકાર બનાવવાનો રસ્તો મોકળો

## તમિલનાડુના રાજ્યપાલને મળ્યા વિજય, સરકાર બનાવવા માટે દાવો રજૂ કર્યો

**ટીવીકેના પ્રમુખ વિજય આવતી કાલે ૧૧ વાગે મુખ્યમંત્રી પદના શપથ લેશે અને રાજ્યને નવા મુખ્યમંત્રી મળશે**



ચેન્નાઈ, તા. ૮

તમિલનાડુમાં પણ જે કોકડું ગૂંચવાયું હતું તેનો ઉકેલ આવી ગયો છે. આવતીકાલનો દિવસ રાજ્ય માટે ઐતિહાસિક રહેશે. નવી નવેલી પાર્ટી ટીવીકેના પ્રમુખ વિજય આવતી કાલે ૧૧ વાગે મુખ્યમંત્રી પદના શપથ લેશે અને આ સાથે જ રાજ્યને હવે નવા મુખ્યમંત્રી પણ મળશે. શુક્રવારે મોડી સાંજે પ્રદેશના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરે તેમને સરકાર બનાવવાનું આમંત્રણ આપ્યું. રાજ્યપાલ ભવનમાં થયેલી મુલાકાત બાદ વિજયે આ ઐતિહાસિક જવાબદારી સ્વીકારી. સૂત્રોના જણાવ્યાં મુજબ મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કાર્યક્રમમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ સામેલ થઈ શકે છે. વિજયે ફિલ્મો છોડીને રાજકારણમાં પ્રવેશ કર્યો અને એવો પ્રવેશ કર્યો કે સીધા મુખ્યમંત્રી બનશે. તેમની પાર્ટી ટીવીકેને યુવાઓ, મહિલાઓ અને સામાન્ય જનતા વચ્ચે જબરદસ્ત સમર્થન મળ્યું છે. અભિનેતામાંથી નેતા બનવાની તેમની યાત્રાએ તમિલનાડુમાં રાજકારણમાં મોટો ફેરબદલ આણ્યો છે. લોકો હવે શિક્ષણ, વિકાસ, સ્વાસ્થ્ય અને રોજગાર જેવા મુદ્દાઓ પર નવી આશાઓ રાખીને બેઠા છે.

વિજયની આ ત્રણ દિવસમાં ત્રીજી મુલાકાત હતી. પહેલા બે વખત મળ્યા ત્યારે રાજ્યપાલે વિજયને કહ્યું કે બહુમત માટે આંકડો લઈને આવો. પહેલા ફક્ત કોંગ્રેસે જ સમર્થન આપ્યું હતું. છતાં બહુમત માટે આંકડો ખૂટતા હવે સીપીઆઈ, સીપીઆઈએમ, વીસીકે અને ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગે પણ વિજયની ટીવીકેનું સમર્થન કરવાનો નિર્ણય લીધો છે. ત્યારબાદ હવે વિજય પાસે બહુમતના આંકડા કરતા વધુ ૧૨૦ ની સંખ્યા થઈ છે.

તમિલનાડુમાં ડીએમકેના નેતૃત્વવાળા ગઠબંધનમાં સામેલ બંને ડાબેરી પક્ષો માર્કવાદી કમ્યુનિસ્ટ પાર્ટી (સીપીઆઈએમ) અને ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (સીપીઆઈ) એ કહ્યું કે આ નિર્ણય ભાજપને રાજ્યમાં પાછલા બારણે પ્રવેશ કરતા રોકવા માટે લેવાયો છે. જો કે રાજ્યના અધિકારો મામલે તેઓ ડીએમકે સાથે જળવાઈ રહેશે. તેમણે કહ્યું કે તેઓ ટીવીકે મંત્રીમંડળનો ભાગ રહેશે નહીં. બંનેના બે-બે વિધાયકો છે.

### ઈન્સ્ટાગ્રામે કરી સાફસફાઈ

## કોહલી, પ્રિયંકા, રોનાલ્ડો સહિતની હસ્તીઓએ ગુમાવ્યા લાખો ફોલોઅર્સ

નવી દિલ્હી, તા.૮

આજના સમયમાં સોશિયલ મીડિયા પર કોઈ વ્યક્તિ કેટલી લોકપ્રિય છે, તેનો અંદાજ તેના ફોલોઅર્સની સંખ્યા પરથી લગાવવામાં આવે છે. વિરાટ કોહલી, પ્રિયંકા ચોપરા અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો જેવા દિગ્ગજો હવે માત્ર રમત કે સિનેમાના સિતારા નથી રહ્યા, પરંતુ એક વૈશ્વિક બ્રાન્ડ બની ગયા છે. તેમની એક પોસ્ટ કરોડો લોકો સુધી પહોંચે છે અને તેના બદલામાં તેઓ મોટી રકમ વસૂલે છે. પરંતુ, શું આ કરોડો ફોલોઅર્સ ખરેખર સાચા છે? તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ દ્વારા લેવામાં આવેલા કડક પગલાંએ આ પ્રશ્ન પર ફરી ચર્ચા જગાવી છે.

સોશિયલ મીડિયાના ઈતિહાસમાં મે ૨૦૨૬ ની શરૂઆત એક મોટા ભૂકંપ સમાન રહી છે, જેને નેટિઝન્સ 'ગ્રેટ પર્જ ઓફ ૨૦૨૬' (Great Purge of 2026) તરીકે ઓળખાવી રહ્યા છે.

ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની મેટા દ્વારા ફેક એકાઉન્ટ્સ, બોટ્સ અને નિષ્ક્રિય પ્રોફાઈલ્સ વિરુદ્ધ અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ઈન્સ્ટાગ્રામ પરથી નકલી એકાઉન્ટ્સ અને બોટ્સ (ઓટોમેટેડ પ્રોગ્રામ્સ) ને દૂર કરવાનું શરૂ કરતા જ દુનિયાભરના મોટા સેલિબ્રિટીઝના ફોલોઅર્સના આંકડામાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. આ પ્રક્રિયામાં જાણવા મળ્યું કે ઘણા સેલિબ્રિટીઝના એકાઉન્ટ્સમાં લાખો ફોલોઅર્સ નકલી હતા.

વર્ષ ૨૦૧૯ માં લંડનની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કન્ટેમ્પરરી મ્યુઝિક પર્ફોર્મન્સ ના એક રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. આ તપાસ મુજબ, વિશ્વના ઘણા પ્રખ્યાત લોકોએ પોતાનો પ્રભાવ વધારવા માટે પૈસા આપીને ફોલોઅર્સ ખરીદ્યા હતા. હોલીવુડની જાણીતી હોસ્ટ એલેન ડીજેનેરેસ આ યાદીમાં મોખરે હતી, જેના લગભગ ૫૮% ફોલોઅર્સ નકલી હોવાનું બહાર આવ્યું હતું.

ભારતમાં પણ આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી હતી. લગભગ ચાર વર્ષ પહેલાં મુંબઈ પોલીસે નકલી ફોલોઅર્સના કૌભાંડમાં અભિનેત્રી પ્રિયંકા ચોપરાને સમન્સ પાઠવ્યું હતું. જોકે, મોટાભાગના સેલિબ્રિટીઝ આ વિષય પર મૌન સેવવાનું જ પસંદ કરે છે.

સોશિયલ મીડિયા પર દેખાતી લોકપ્રિયતા હંમેશાં વાસ્તવિક હોતી નથી. બ્રાન્ડ વેલ્યુ વધારવા અને ડિજિટલ દુનિયામાં 'મોટા' દેખાવા માટે ઘણીવાર નકલી રસ્તાઓ અપનાવવામાં આવે છે. ઈન્સ્ટાગ્રામની આ સફાઈ ઝુંબેશ એ વાતનો પુરાવો છે કે આખરે તો ઓર્ગેનિક એટલે કે સાચા ફેન્સની જ કિંમત હોય છે.

પાના ૮ ઉપરનું ચાલું **જાફરાબાદનાં ચિત્રાસર ગામે**

યુવકે સેફટી હેલ્મેટ પહેરેલ હતું. જેમા આ ઘા વાગેલ જેથી હેલ્મેટનું પ્લાસ્ટીકનુબકલ તુટી ગયેલ હતું. બાદમાં આરોપી રવજીભાઈ યુવકને ગાળો બોલવા લાગેલ જેથી યુવકે તેઓને ગાળો બોલવાની ના પાડતા આરોપી આવેશમાં આવી જઈને કહેલ કે બે દીવસ પહેલા તે મારા મજુરો પાસે સીમેન્ટનાં સેમ્પલ કયુબ કેમ ભરાવડાવેલ હતા? તેમ કહીને આરોપી હાથમાં રહેલ લોખંડનાં સળીયાનો એક ઘા લોખંડનો સળીયો ડાબા હાથની પહેલી આગળી ઉપર લાગેલ હતો. અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરાનાં કરિયાણા ગામની સીમમાં**

પરિવારના કોઈ સગા દ્વારા ઉખેડી કાઢી નાખવામાં આવેલી જેની શંકા તેમના મૃતક પતિ ભરત વલ્લભ ઉપર રાખી આશાબેનના પિયર જીલીયા પરિવારના પિત્રાઈ ભાઈઓ ભાણેજો કિરણ મનુ જીલીયા, જગદીશ મુકેશ જીલીયા, મહેશ ભનુ જીલીયા, પરેશ મુકેશ જીલીયા, રોહિત ધીરૂ જીલીયા, મયુર ભનુ જીલીયા અને ત્રણ અજાણ્યા મળી નવ લોકો દ્વારા તેમના પતિને અગાઉ ખાંભી કાઢવા મુદ્દે ધાક ધમકી આપી મારી નાખવા જણાવ્યું હતું બાદ સમાધાન માટે બાબરા બોલાવવામાં આવ્યા હતા. ત્યારે તમામે એક સંપ કરી મૃતકની કાર આંતરી અને સુરાપુરાની ખાંભી ઉખેડવા શંકા રાખી ધારદાર હથિયારો વડે હત્યા કરી નાસી છુટયાની ફરિયાદ આપી છે.

બાબરા શહેરમાં ચાલતી વ્યાપક ચર્ચા મુજબ જીલીયા પરિવાર સુરાપુરાની ખાંભી સુકવાળા ગામે ઉખેડી ફેંકવા મુદ્દે બહોળી સંખ્યામાં પ્રથમ પરિવારજનો પોલીસમાં રજૂઆત માટે પહોંચ્યા હતા અને આ સુરાપુરાની ખાંભીઓ પણ પોલીસ દ્વારા પોલીસ મથકમાં લાવવામાં આવેલ હતી. પરંતુ લોકોનો ધાર્મિક લાગણી અંગેનો રોષ અને કૃત્ય કરનારા સામે પગલા ભરવા રૂબરૂ વિનંતી કરવામાં આવેલી અને શકમંદોના નામો પણ આપવામાં આવેલા. પરંતુ પોલીસ વર્તુળ મોટા ભાગે મામલો બેઠા થાળે પતાવવા ટેવાયેલ હોવાથી કોઈ વિધિવત કામગીરી કરવામાં ઢીલ દાખવતા બનાવ હત્યા સુધી પહોંચ્યો હોવાની ચર્ચાએ વેગ પકડયો છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૩૦ | ૧૯૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૬૦ | ૧૬૨૦ |
| ૩ | મગફળી | ૧૨૪૦ | ૧૪૩૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૧૦ | ૨૧૦૦ |
| ૫ | તલ કાળા | ૩૧૩૦ | ૩૩૪૦ |
| ૬ | જીરૂ | ૩૩૭૦ | ૩૯૬૦ |
| ૭ | ઘઉં | ૪૫૫ | ૫૩૫ |
| ૮ | એરંડા | ૧૦૦૫ | ૧૧૮૫ |
| ૯ | તુવેર | ૧૧૩૦ | ૧૩૫૦ |
| ૧૦ | જુવાર સફેદ | ૭૯૫ | ૯૦૫ |
| ૧૧ | ચણા | ૧૦૨૮ | ૧૦૬૨ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૧૧૧ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૧૦૮ |
| ૩ | તલ કાળા | ૨૬૫૧ | ૩૩૫૦ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૭૮૭ |
| ૫ | બાજરો | ૩૧૫ | ૫૫૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૭૦ |
| ૭ | જુવાર | ૩૮૫ | ૯૯૦ |
| ૮ | મગ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૯ | અડદ | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૧૦ | તુવેર | ૮૨૬ | ૧૨૬૦ |
| ૧૧ | ચણા | ૬૦૦ | ૧૦૪૬ |
| ૧૨ | જીરૂ | ૪૩૫૧ | ૪૩૫૧ |
| ૧૩ | એરંડી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૪ | મેથી | ૧૦૨૫ | ૧૨૭૧ |
| ૧૫ | રાય | ૭૦૦ | ૧૦૦૦ |


GCAS પ્રવેશ રજીસ્ટ્રેશન કાર્ય શરૂ...
સંકુલ BA - B.Com.-B.Sc.-BCA-BBA પ્રવેશ
૧) શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટસ એન્ડ આર.કે. વઘાસીયા કોમર્સ એન્ડ યુ.બી. ભગત સાયંસ મહિલા કોલેજ – (BA - B.Com.-B.Sc. - DMLT)
૨) શ્રી કે. પી. ધોળકીયા ઈન્ફોટેક મહિલા કોલેજ – (BCA)
૩) શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ બી.બી.એ. મહિલા કોલેજ – (BBA)
★ તા. ૦૭/૦૫/૨૦૨૬ થી GCAS ની ફોર્મ ભરી આપવામાં આવશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 051


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૧૫ | ૧૬૭૫ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૨૭ | ૪૬૫ |
| ૪ | ચણા | ૮૫૧ | ૧૦૪૫ |
| ૫ | વાલ | ૮૫૫ | ૮૫૫ |
| ૬ | ધાણા | ૧૯૬૦ | ૧૯૬૦ |
| ૭ | એરંડા | ૧૧૬૫ | ૧૨૫૧ |
| ૮ | તુવેર | ૧૧૯૫ | ૧૩૦૦ |
| ૯ | ફાડા | ૧૬૦૦ | ૧૭૪૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૧ | તલ | ૨૪૦૦ | ૨૪૦૦ |

### ધારાસભ્ય દળની બેઠકમાં સત્તાવાર જાહેરાત

# શુભેન્દુ અધિકારી બનશે બંગાળના નવા મુખ્યમંત્રી, આજે શપથવિધિ

## ભાજપે આઝાદી બાદ પ્રથમવાર વિધાનસભા ચૂંટણીમાં બહુમતી મેળવી છે, પશ્ચિમ બંગાળમાં શુભેન્દુ અધિકારી પ્રથમવાર ભાજપ તરફથી મુખ્યમંત્રી બનશે

કોલકત્તા, તા.૮

પશ્ચિમ બંગાળમાં આખરે ભારતીય જનતા પાર્ટીએ નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરી દીધી છે. ભાજપ નેતા સુવેન્દુ અધિકારી રાજ્યના નવા મુખ્યમંત્રી બનશે. કોલકત્તામાં યોજાયેલી ધારાસભ્ય દળની બેઠકમાં અધિકારીના નામની જાહેરાત કરવામાં આવી છે. ૯ મેએ સવારે ૧૧ કલાકે અધિકારી બંગાળના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે.અધિકારીના મંત્રીમંડળમાં કોણ સામેલ થશે હજુ તેના નામ સામે આવ્યા નથી.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક જીત મેળવી હતી. ચૂંટણીમાં ભાજપે ૨૦૭ સીટો કબજે કરી હતી. ભાજપે આઝાદી બાદ પ્રથમવાર વિધાનસભા ચૂંટણીમાં બહુમતી મેળવી છે. હવે પશ્ચિમ બંગાળમાં સુવેન્દુ અધિકારી પ્રથમવાર ભાજપ તરફથી મુખ્યમંત્રી બનશે.

સુવેન્દુ અધિકારીએ લગ્ન કર્યા નથી. તેમનો જન્મ ૧૫ ડિસેમ્બર ૧૯૭૦ના પૂર્વી મેદિનીપુરના કાંથીમાં થયો હતો. તેમનો પરિવાર રાજનીતિ સાથે જોડાયેલો છે. તેમના પિતા શિશિર અધિકારી બંગાળની રાજનીતિમાં મોટું નામ હતા. અધિકારી પર તેમના પિતાનો પ્રભાવ પડ્યો છે.

તેમણે પોતાના રાજકીય જીવનની શરૂઆત ૧૯૮૯મા કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠનથી કરી હતી. તેઓ ૧૯૯૫મા તે સમયે ચર્ચામાં આવ્યા જ્યારે કાંથી નગરપાલિકામાં સભ્ય તરીકે ચૂંટાયા હતા. વર્ષ ૧૯૯૮મા જ્યારે ટીએમસીની શરૂઆત થઈ તો તેમાં જોડાયા હતા. ધીમે-ધીમે તેમણે રાજનીતિમાં પકડ બનાવી લીધી અને એટલા મજબૂત થઈ ગયા કે વર્ષ ૨૦૧૪મા જ્યારે મોદી લહેર હોવા છતાં પોતાની લોકસભા સીટ જીતી હતી. મમતા બેનર્જીએ તેમની ક્ષમતા પર ભરોસો કર્યો અને પરિવહન તથા સિંચાઈ જેવા મહત્વપૂર્ણ મંત્રાલય સોંપ્યા હતા.૨૦૨૦મા સુવેન્દુ અધિકારીનો ટીએમસી મોહભંગ થઈ ગયો અને તેમણે ૨૦૨૦મા ટીએમસી અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ અમિત શાહની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા. ત્યારબાદ ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે નંદીગ્રામથી મમતા બેનર્જીને હરાવી દીધા હતા. આ જીત બાદ પાર્ટીએ તેમને બંગાળ વિધાનસભામાં વિપક્ષ નેતાની જવાબદારી આપી હતી.

હવે ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં સુવેન્દુ અધિકકારીએ ૨ સીટો (નંદીગ્રામ અને ભવાનીપુર) થી ચૂંટણી લડી અને બંને પર જીત મેળવી છે. તેમણે ભવાનીપુર સીટથી રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીને હરાવ્યા હતા.

પશ્ચિમ બંગાળમાં ભાજપે નવા મુખ્યમંત્રીના નામ પર મહોર લગાવી દીધી છે. શુભેંદુ અધિકારી બંગાળના નવા મુખ્યમંત્રી બનશે. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી હાસિલ કરનાર અધિકારીએ વિધાનસભા ચૂંટણીમાં નોમિનેશન સમયે ચૂંટણી પંચને આપેલા પોતાના એફિડેવિટમાં નેટવર્થનો ખુલાસો કર્યો અને તેમાં આપવામાં આવેલી જાણકારી પ્રમાણે તેમની કુલ નેટવર્થ ૮૫.૮૭ લાખ રૂપિયા છે. જ્યારે તેમના પર કોઈ દેવું નથી.ચૂંટણી પહેલા અધિકારીની પાસે ૧૨૦૦૦ રૂપિયા રોકડા અને બેંક ખાતામાં આશરે ૭ લાખ રૂપિયા જમા હોવાની જાણકારી આપી હતી. આ સિવાય અન્ય યોજનામાં તેમણે લાખો રૂપિયાનું રોકાણ કર્યું છે. તેમની પાસે પોસ્ટલ સેવિંગ એકાઉન્ટમાં ૬૦ હજાર રૂપિયા, કિસાન વિકાસ પત્રમાં ૨.૬૦ લાખ રૂપિયા જમા કર્યા છે. આ સિવાય શેર અને બોન્ડ્સમાં આશરે ૧૪૦૦૦ રૂપિયા લગાવ્યા છે. અધિકારી પાસે છ એલઆઈસીની પોલીસી છે. તેમની પોલિસીમાં છ લાખ રૂપિયા જમા છે, જ્યારે અન્ય પાંચ પોલિસીમાં મળી કુલ ૭ લાખનું રોકાણ કર્યું છે. આ સિવાય તેમની પાસે કોઈ સોનું-ચાંદી કે કાર કે બાઈક નથી.

અધિકારીએ લગ્ન કર્યા નથી. તેમના ભાઈ સૌમેંદુ અધિકારી પણ ભાજપમાં છે. જ્યારે અન્ય ભાઈ ટીએમસી તરફથી સાંસદ રહી ચૂક્યા છે. તેમના પિતા શિશિર અધિકારી પણ રાજનીતિમાં સક્રિય રહ્યાં છે. શિશિર અધિકારી ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે.

### બદલાવથી જ દેશમાં સાચી સમાનતા આવી શકશે

# RSS પ્રમુખ મોહન ભાગવતે કરી આંતરજ્ઞાતિય લગ્નોની તરફેણ

## કર્ણાટકના મૈસુરુમાં સામાજિક સમરસતા વિષય પર બોલતા ભાગવતે સમાજમાં એકતા વધારવા પર ભાર મૂક્યો

મૈસુરુ, તા.૮

કર્ણાટકના મૈસુરુમાં 'સામાજિક સમરસતા' વિષય પર બોલતા આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે સમાજમાં એકતા વધારવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે સમાજમાં સમાનતા લાવવા માટે આંતરજ્ઞાતિય લગ્નો અને સામાજિક સંબંધો ખૂબ જ જરૂરી છે. મોહન ભાગવતના મતે, લગ્ન એ માત્ર બે વ્યક્તિ વચ્ચેનું બંધન નથી, પરંતુ તે એક મોટી સામાજિક જવાબદારી પણ છે.પોતાની વાતને મજબૂત કરવા તેમણે વર્ષ ૧૯૪૨માં મહારાષ્ટ્રમાં થયેલા એક આંતરજ્ઞાતિય લગ્નનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. આ લગ્નનું મહત્ત્વ એ વાત પરથી સમજાય છે કે, તે સમયે દેશની બે મોટી હસ્તી ડૉ. બી.આર. આંબેડકર અને સંઘના બીજા પ્રમુખ એમ.એસ. ગોલવલકર બંનેએ આ નવદંપતીને પોતાના આશીર્વાદ પાઠવ્યા હતા. આમ, તેમણે સામાજિક ભેદભાવ દૂર કરી સૌને એક થવાનો સંદેશ આપ્યો હતો.પ્રમુખ મોહન ભાગવતે જણાવ્યું હતું કે જાતિવાદ આધારિત રાજનીતિ ત્યારે જ બંધ થશે જ્યારે સમાજ પોતે જ્ઞાતિના ભેદભાવ છોડીને એક થશે. રાજકીય નેતાઓ પણ વોટ મેળવવા માટે જ્ઞાતિનો ઉપયોગ એટલે જ કરે છે કારણ કે લોકો હજુ પણ જ્ઞાતિમાં વહેંચાયેલા છે. જો નેતાઓને તેમના કામના બદલે જાતિના નામે વોટ મળતા રહેશે, તો તેઓ આ જ રસ્તો અપનાવશે. તેથી, તેમણે લોકોને સલાહ આપી કે માત્ર વાતો કરવાને બદલે પોતાના આચરણમાં એવી રીતે જીવવું જોઈએ જાણે જાતિ જેવું કશું છે જ નહીં. આ બદલાવથી જ દેશમાં સાચી સમાનતા આવી શકશે. મોહન ભાગવતે જણાવ્યું હતું કે સમાન નાગરિક સંહિતા (UCC) અને જનસંખ્યા નિયંત્રણ જેવા કાયદાઓ ત્યારે જ સફળ થાય છે જ્યારે લોકો તેને સહકાર આપે. તેમણે કહ્યું કે ઉત્તરાખંડ જેવા રાજ્યોએ આ દિશામાં શરૂઆત કરી છે અને ભવિષ્યમાં તે આખા દેશમાં લાગુ થઈ શકે છે, પરંતુ ૧૪૨ કરોડની વસ્તી ધરાવતા લોકશાહી દેશમાં આવી પ્રક્રિયામાં સમય લાગે છે, તેથી ધીરજ રાખવી જરૂરી છે. જનસંખ્યા નિયંત્રણ બાબતે તેમણે ભૂતકાળની કટોકટી (ઈમરજન્સી) વખતે થયેલી ભૂલો તરફ ઈશારો કરતા કહ્યું કે, કોઈપણ નવી નીતિમાં બળજબરીને બદલે મહિલા શિક્ષણ, સશક્તિકરણ અને સ્વાસ્થ્ય પર વધુ મહત્ત્વ આપવું જોઈએ.મોહન ભાગવતે સમજાવ્યું કે ભલે દરેક ધર્મના રીત-રિવાજો અને પરંપરાઓ અલગ-અલગ હોય, પણ તે બધાનો છેલ્લો રસ્તો એક જ છે અને તે છે 'સત્ય'. તેમણે હિન્દુ સમાજને શિસ્તબદ્ધ જીવન જીવીને પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓને જાળવી રાખવા પ્રોત્સાહિત કર્યા હતા. આ સાથે જ તેમણે સ્પષ્ટતા કરી કે આરએસએસ કોઈ સરકાર નથી, પણ એક સામાજિક સંસ્થા છે. તેનું કામ રાજકારણ કરવાનું નહીં, પણ લોકોને શિક્ષિત કરવાનું અને સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવવાનું છે.

### હાઈકમાન્ડ જે પણ નિર્ણય લેશે તે માન્ય

# 3 દાવેદારોમાંથી કોંગ્રેસે કેરળના મુખ્યમંત્રી ફાઈનલ કર્યાની ચર્ચા

## કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ કે.સી. વેણુગોપાલ રેસમાં સૌથી આગળ ચાલી રહ્યા છે અને તેમનું નામ લગભગ ફાઈનલ

કેરલમ, તા.૮

પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામો બાદ હવે સૌની નજર કેરલમ પર ટકેલી છે. કેરલમમાં કોંગ્રેસ ગઠબંધનની શાનદાર જીત બાદ મુખ્યમંત્રી કોણ બનશે તે અંગે ભારે ચર્ચાઓ જાગી છે. સૂત્રો અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને લોકસભા સાંસદ કે.સી. વેણુગોપાલ રેસમાં સૌથી આગળ ચાલી રહ્યા છે અને તેમનું નામ લગભગ ફાઈનલ માનવામાં આવી રહ્યું છે. કેરલમમાં નવા મુખ્યમંત્રીની પસંદગી માટે કોંગ્રેસના નિરીક્ષકો અજય માકન અને મુકુલ વાસનિકે રવિવારે નવા ચૂંટાયેલા ધારાસભ્યો સાથે બેઠક કરી હતી. આ બેઠક બાદ બંને નિરીક્ષકોએ દિલ્હી પહોંચી પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પોતાનો રિપોર્ટ સોંપ્યો છે. અજય માકને જણાવ્યું હતું કે, અમે તમામ ધારાસભ્યો સાથે વ્યક્તિગત ચર્ચા કરી છે અને એક લાઈનનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. હાઈકમાન્ડ ટૂંક સમયમાં મુખ્યમંત્રીના નામની સત્તાવાર જાહેરાત કરશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી પદ માટે ત્રણ મુખ્ય દાવેદારો વચ્ચે ખેંચતાણ ચાલી રહી હતી, પરંતુ કે.સી. વેણુગોપાલને બહુમતી ધારાસભ્યોનું સમર્થન મળ્યું છે. કુલ ૬૩ કોંગ્રેસ ધારાસભ્યોમાંથી અંદાજે ૪૬ ધારાસભ્યોએ કે.સી. વેણુગોપાલના નામ પર મહોર મારી હોવાનું કહેવાય છે. વરિષ્ઠ નેતા રમેશ ચેન્નીથલાને ૮ અને વિપક્ષના નેતા વી.ડી. સતીસનને માત્ર ૬ ધારાસભ્યોનું સમર્થન મળ્યું હોવાના અહેવાલ છે. ધારાસભ્યોએ હાઈકમાન્ડ જે પણ નિર્ણય લેશે તેને માન્ય રાખવાની ખાતરી આપી છે.જો બધું પ્લાન મુજબ રહ્યું તો, શનિવારે નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત થઈ શકે છે અને સોમવાર, ૧૧ મે ના રોજ શપથગ્રહણ સમારોહ યોજાવાની શક્યતા છે. આ કાર્યક્રમમાં રાહુલ ગાંધી ખાસ હાજરી આપી શકે છે. એટલું જ નહીં, તમિલનાડુમાં મોટી જીત નોંધાવનાર પાર્ટીના વડા થલાપતિ વિજયને પણ આમંત્રણ મોકલવામાં આવે તેવી ચર્ચા છે.કેરલમમાં કોંગ્રેસ માટે આ જીત અત્યંત મહત્વની છે. જો કે.સી. વેણુગોપાલ મુખ્યમંત્રી બને છે, તો દિલ્હીના રાજકારણમાં તેમનું કદ તો વધશે જ, પરંતુ કેરલમમાં પણ સંગઠન વધુ મજબૂત બનશે. હવે જોવાનું એ રહેશે કે હાઈકમાન્ડ અન્ય નારાજ નેતાઓને કેવી રીતે મનાવે છે.

### નિફ્ટી ૨૪,૨૦૦ ની નીચે સરકી ગયો

# શેર બજારમાં મોટો ઘટાડો! સેન્સેક્સ ૫૧૬ પોઈન્ટ તૂટ્યો

## શેરબજારમાં નબળાઈનું સૌથી મોટું કારણ SBI ના ત્રિમાસિક પરિણામો પછી બેંકિંગ શેરોમાં વેચવાલી હતી

મુંબઈ, તા.૮

આજે ભારતીય શેરબજારમાં ભારે અસ્થિરતા વચ્ચે ઘટાડો જોવા મળ્યો હતો. ટ્રેડિંગ સેશનના અંતે સેન્સેક્સ લગભગ ૫૧૬ પોઈન્ટ ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૪,૨૦૦ ની નીચે સરકી ગયો હતો. નબળાઈનું સૌથી મોટું કારણ SBI ના ત્રિમાસિક પરિણામો પછી બેંકિંગ શેરોમાં વેચવાલી હતી. વધુમાં, યુએસ-ઈરાન તણાવે પણ રોકાણકારોની ચિંતા વધારી હતી. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૫૧૬ પોઈન્ટ ઘટીને ૭૭,૩૨૮ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૧૫૦ પોઈન્ટ ઘટીને ૨૪,૧૭૬ પર બંધ થયો હતો.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના ત્રિમાસિક પરિણામો પછી રોકાણકારોએ ભારે પ્રોફીટ-બુકિંગનો આશરો લીધો હતો. આ અસર શેર પર સ્પષ્ટપણે દેખાઈ હતી અને SBI ના શેરમાં લગભગ ૬ ટકાનો ઘટાડો થયો હતો. આના કારણે સમગ્ર બેંકિંગ ક્ષેત્ર પર દબાણ આવ્યું હતું. SBI ઉપરાંત, કોલ ઈન્ડિયા, HDFC બેંક, બજાજ ફાઈનાન્સ અને એક્સિસ બેંકના શેરમાં પણ નિફ્ટીમાં ઘટાડો જોવા મળ્યો હતો. એશિયન પેઈન્ટ્સ, એપોલો હોસ્પિટલ્સ, ટાટા કન્ઝ્યુમર, અદાણી પોર્ટ્સ અને ટાઈટનમાં પણ ખરીદી જોવા મળી હતી.આજે બજારમાં PSU બેંક ઈન્ડેક્સ સૌથી વધુ ઘટ્યો, લગભગ ૩ ટકા ઘટ્યો. ઓઈલ અને ગેસ ઈન્ડેક્સમાં પણ ૧ ટકાનો ઘટાડો થયો જ્યારે ખાનગી બેંકો, ધાતુઓ, ઉર્જા, વીજળી અને રિયલ્ટી ક્ષેત્રો પણ નબળા પડ્યા. જોકે, IT, FMCG, આરોગ્યસંભાળ અને કન્ઝ્યૂમર ડ્યૂરેબલ ક્ષેત્રો બજારને કંઈક અંશે સ્થિર કરવામાં સફળ રહ્યા.

નિષ્ણાતોના મતે, યુએસ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ નજીક લશ્કરી પ્રવૃત્તિએ વૈશ્વિક બજારોમાં ભયનું વાતાવરણ ઉભું કર્યું છે. આના કારણે રોકાણકારો જોખમી રોકાણ ટાળવા લાગ્યા છે, જેના કારણે વેચાણમાં વધારો થયો છે. જોકે, રાહતની વાત એ છે કે ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ $100 ની આસપાસ સ્થિર રહ્યા જેનાથી બજારમાં વધુ ગભરાટ અટક્યો.

મુખ્ય પ્રવાહના બજારમાં ઘટાડા છતાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વધુ નબળાઈ જોવા મળી નહીં. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ થોડો ઘટાડો સાથે બંધ થયો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં થોડો વધારો થયો. નિષ્ણાતો કહે છે કે મજબૂત કોર્પોરેટ પરિણામો અને સારા મૂલ્યાંકનને કારણે રોકાણકારોનો રસ હજુ પણ પસંદગીના મિડ અને સ્મોલકેપ શેરોમાં રહે છે.

### ટેક્નોલોજી દ્વારા વૃદ્ધ નાગરિકોને આપી નવી આશા

# પુણેની છોકરીએ જીત્યો Apple Swift Student Challenge ૨૦૨૬ અવોર્ડ

## હાથમાં કંપારી ધરાવતા વરિષ્ઠ નાગરિકોને સરળતાથી ડિજિટલ આર્ટ બનાવવા આ એપ્લિકેશન ખૂબ જ મદદ કરશે

પુણએ, તા.૮

ભારતના વધતા ટેક્નોલોજી અને ઈનોવેશન ક્ષેત્ર માટે ગૌરવ ગણાતી એક ઘટના સામે આવી છે. પુણેની ૨૦ વર્ષની ગાયત્રી ગૌંડાદકરે Appleની પ્રતિષ્ઠિત Swift Student Challenge 2026 સ્પર્ધામાં વૈશ્વિક વિજેતા બની છે. તેની એપ Steady Hands સર્જનાત્મકતા, ઍક્સેસિબિલિટી અને અદ્યતન Apple Pencil ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શારીરિક રીતે અક્ષમ અથવા તો વૃદ્ધો માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ છે. હાથમાં કંપારી ધરાવતા વરિષ્ઠ નાગરિકોને સરળતાથી ડિજિટલ આર્ટ બનાવવા આ એપ્લિકેશન ખૂબ જ મદદ કરશે. ગાયત્રી વિશ્વભરના માત્ર ૫૦ વિજેતાઓમાં સ્થાન મેળવનારી ભારતીય યુવા ડેવલપર છે, જે ભારતની વધતી ટેક પ્રતિભાનું પ્રતિનિધિત્વ કરે છે.Steady Hands એપનો વિચાર ગાયત્રીને તેની દાદી પાસેથી મળ્યો હતો. તેની દાદીને હાથમાં કંપારી હોવાને કારણે તેમનાથી ડ્રોઈંગ નહોતું થતું. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ગાયત્રીએ એવી એપ બનાવી, જે Apple Pencilની સ્ટેબિલાઈઝેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને હાથના કંપનને ઘટાડે છે અને વધુ સ્મૂથ ડ્રોઈંગનો અનુભવ આપે છે. આ એપ દર્શાવે છે કે આજની ટેક્નોલોજી માત્ર સુવિધા પૂરતી નથી, પરંતુ સમાજના દરેક વર્ગ માટે ડિજિટલ વિશ્વને વધુ સમાન અને સરળ બનાવવા માટે પણ ઉપયોગી બની રહી છે.ગાયત્રીની સફળતા એ સાબિત કરે છે કે ભારતીય વિદ્યાર્થીઓ હવે વૈશ્વિક ટેક્નોલોજી ઈનોવેશનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત એપ ડેવલપમેન્ટ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ્સ માટે મોટા કેન્દ્ર તરીકે ઉભર્યું છે. Appleની Swift Student Challenge યુવા કોડર્સને Swift પ્રોગ્રામિંગ ભાષા દ્વારા નવીન એપ્સ બનાવવા પ્રોત્સાહિત કરે છે. ગાયત્રી ભારત, જર્મની, ઘાના અને દક્ષિણ કોરિયાના ચાર ખાસ સન્માનિત વિજેતાઓમાં પણ સામેલ છે, જે ભારતીય પ્રતિભાને મળતી આંતરરાષ્ટ્રીય માન્યતાનું પ્રતિબિંબ છે. આ જીતના ભાગરૂપે ગાયત્રીને કેલિફોર્નિયામાં યોજાનારી Apple Worldwide Developers Conference (WWDC) ૨૦૨૬માં હાજરી આપવાનો મોકો મળશે. અહીં તે વિશ્વભરના ડેવલપર્સ અને ટેક નિષ્ણાતો સાથે મુલાકાત કરશે અને Appleના Tim Coko સાથે પણ મળવાની તક મળશે. WWDC વિશ્વની સૌથી મોટી ટેક્નોલોજી કોન્ફરન્સમાંની એક માનવામાં આવે છે, જ્યાં ભવિષ્યની સોફ્ટવેર અને AI ટેક્નોલોજી અંગે ચર્ચા થાય છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### બેટથી સૂર્યાનું ખરાબ ફોર્મ ચિંતાનો વિષય બન્યું

# સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ પર હવે સંકટના વાદળો મંડરાઈ રહ્યા છે

## સિલેક્ટરની ધીરજ ખૂટી રહી છે : તેઓ આગામી સાયકલ માટે કંઈક નવું કરવા માંગે છે, જેની શરૂઆત આયર્લેન્ડમાં બે T20 મેચોથી થશે

નવી દિલ્હી, તા.૮

ભારતને T20 વર્લ્ડ કપ ૨૦૨૬નો ખિતાબ જીતાડનાર કેપ્ટન સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ પર હવે સંકટના વાદળો મંડરાઈ રહ્યા છે. બેટથી સૂર્યાનું ખરાબ ફોર્મ ચિંતાનો વિષય બન્યું છે. T20 વર્લ્ડ કપમાં પણ સૂર્યાનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું નહોતું, જ્યારે હવે IPL 2026માં પણ તેમનું બેટ શાંત જોવા મળી રહ્યું છે. ભારતીય કેપ્ટનના આ નિરાશાજનક પ્રદર્શનને જોતા સિલેક્ટર તેમનાથી આગળ વધવા પર વિચાર કરી રહ્યા છે. IPL 2026 બાદ ભારત આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામે સિરીઝ રમશે. જ્યારે BCCI આ ટીમની જાહેરાત કરશે, ત્યારે બની શકે છે કે, ટીમ ઈન્ડિયાને T20 ક્રિકેટમાં નવો કેપ્ટન મળે.અહેવાલ અનુસાર, સૂર્યકુમાર યાદવ પાસેથી કેપ્ટનશીપ છીનવાઈ જવાનું કારણ તેમનું બેટિંગમાં ખરાબ પ્રદર્શન છે, સિલેક્ટરની ધીરજ હવે ખૂટી રહી છે. તેઓ આગામી સાયકલ માટે કંઈક નવું કરવા માંગે છે, જેની શરૂઆત આયર્લેન્ડમાં બે T20 મેચોથી થશે અને ત્યારબાદ ઈંગ્લેન્ડમાં ૫ મેચ રમાશે. જો છેલ્લી ઘડીએ તેમનો નિર્ણય નહીં બદલાય, તો શ્રેયસ અય્યર માત્ર T20 ટીમમાં વાપસી જ નહીં, પરંતુ કેપ્ટન તરીકે પણ પરત ફરી શકે છે.ભારત સામે ૨૦૨૮ વર્લ્ડ કપ અને તે જ વર્ષે યોજાનારી લોસ એન્જલસ (LA) ઓલિમ્પિક્સની તૈયારીઓ દરમિયાન T20I મેચોનું એક વ્યસ્ત કેલેન્ડર છે. અત્યારની પરિસ્થિતિ જોતા, કેપ્ટન તરીકે સૂર્યા યુગનો હવે અંત થતો જણાય રહ્યો છે. હવે જોવાનું બાકી રહેશે કે, સૂર્યા દેશ માટે એકમાત્ર ફોર્મેટમાં રમે છે, તેમાં એક બેટ્સમેન તરીકે ટીમની યોજનાઓમાં જળવાઈ રહે છે કે નહીં. જો કે, ૩૫ વર્ષીય આ ખેલાડીએ વારંવાર આગામી બે વર્ષ સુધી કેપ્ટન પદે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી છે, પરંતુ મુખ્ય નિર્ણય લેનારા લોકો તેના બેટિંગ પ્રદર્શનથી સંતુષ્ટ નથી.BCCI અને ટીમ ઈન્ડિયાના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું કે, સૂર્યકુમાર યાદવ તેની કાંડાની ઈજાની સમસ્યાને નજરઅંદાજ કરી રહ્યો છે અને દુખાવા તથા તકલીફ હોવા છતાં રમી રહ્યો છે.ગત સીઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ સાથે રમ્યા ત્યારથી જ, સૂર્યકુમાર તેના જમણા કાંડા પર ભારે ટેપ લગાવીને બેટિંગ અને ફિલ્ડિંગ કરી રહ્યો છે. સાથે જ સૂર્યા એવી તમામ કસરતોથી બચી રહ્યો છે, જેનાથી કાંડા પર સીધું દબાણ આવતું હોય છે.હવે જોવાનું એ રહેશે કે સિલેક્ટર શ્રેયસ અય્યરને કેપ્ટન તરીકે પસંદ કરે છે કે નહીં. અય્યરની કેપ્ટનશીપમાં પંજાબ કિંગ્સ ગત IPL સીઝનમાં ફાઈનલ સુધી પહોંચ્યું હતું. IPL 2026માં પણ અત્યાર સુધી તેનું પ્રદર્શન જબરદસ્ત રહ્યું છે.

## ચીન : ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાની એરફોર્સને અમે મદદ કરી હતી

બેઈજીંગ, તા.૮

ચીને પહેલીવાર સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે ગયા વર્ષે ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા યુદ્ધ દરમિયાન તેણે પાકિસ્તાની વાયુસેનાને ઓન-સાઈટ ટેકનિકલ સહાય પૂરી પાડી હતી. ચીની સરકારી બ્રોડકાસ્ટર CCTV પર પ્રસારિત એક ઈન્ટરવ્યુમાં, એવિએશન ઈન્ડસ્ટ્રી કોર્પોરેશન ઓફ ચાઈના (AVIC) ના એન્જિનિયરોએ ખુલાસો કર્યો કે તેઓ યુદ્ધ દરમિયાન પાકિસ્તાનમાં હાજર હતા. અહેવાલ મુજબ, આ સંઘર્ષ દરમિયાન ચીની બનાવટના J-10CE ફાઈટર જેટે ભારતના ફ્રેન્ચ બનાવટના રાફેલ ફાઈટર જેટને તોડી પાડ્યું હતું. આ પ્રથમ ઘટના છે જ્યારે ચીની બનાવટના આ વિમાને કોઈ દુશ્મન વિમાનને તોડી પાડ્યું હોય અને રાફેલ જેટ પટકાયું હોય. ચીની એન્જિનિયર ઝાંગ હેંગે જણાવ્યું કે, "અમે સપોર્ટ બેઝ પર સતત એર-રેડ સાયરન અને જેટના અવાજો સાંભળતા હતા. મે મહિનામાં ૫૦ ડિગ્રી જેટલી કાળઝાળ ગરમી હોવા છતાં અમારી ટીમ પાકિસ્તાની સેનાને યુદ્ધના મેદાનમાં મદદ કરી રહી હતી." પાકિસ્તાન હાલમાં ચીન સિવાય J-10C જેટનું સંચાલન કરતો એકમાત્ર દેશ છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડેટા અનુસાર, ૨૦૨૧ થી ૨૦૨૫ વચ્ચે પાકિસ્તાનની ૮૦% શસ્ત્રોની આયાત ચીનમાંથી થઈ છે. J-10CE એ અત્યાધુનિક રડાર સિસ્ટમ અને એર-ટુ-એર મિસાઈલથી સજ્જ છે, જેનો ઉપયોગ ગયા વર્ષના સંઘર્ષમાં ભારત સામે કરવામાં આવ્યો હોવાની પુષ્ટિ હવે ચીને પોતે કરી છે.

### કેન્દ્રીય એવિયેશન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું

# આગામી ૧ મહિનામાં અમદાવાદ પ્લેન ક્રેશનો રિપોર્ટ આવી શકે છે

## ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે આયોજિત એરક્રાફ્ટ લર્નિંગ એન્ડ ફાઈનાન્સ સમિટ ૨.૦ માં એવિયેશન મંત્રીએ માહિતી આપી

નવી દિલ્હી, તા.૮

અમદાવાદ પ્લેન ક્રેશ મામલે મોટા સમાચાર આવ્યા છે. કેન્દ્રીય એવિયેશન મંત્રી રામ મોહન નાયડુએ પ્લેન ક્રેશ રિપોર્ટ અંગે માહિતી આપતા કહ્યું કે, પ્લેન ક્રેશની તપાસ અંતિમ તબક્કામાં છે. આગામી ૧ મહિનામાં અમદાવાદ પ્લેન ક્રેશનો રિપોર્ટ આવી શકે છે.ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે એરક્રાફ્ટ લર્નિંગ એન્ડ ફાઈનાન્સ સમિટ ૨.૦ નું આયોજન કરાયું છે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી કે રામ મોહન નાયડુ ઉપસ્થિત રહ્યાં. આ પ્રસંગે કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલયના મંત્રી રામ મોહન નાયડુએ અમદાવાદ પ્લેન ક્રેશના રિપોર્ટ વિશે માહિતી આપી હતી. તેઓએ વધુમાં કહ્યું કે, ઘણી બધી એજન્સીઓ અને છઈંમ્હાલ તપાસ કરી રહ્યું છે. કેન્દ્ર સરકારથી પણ તમામ સહાય અત્યાર સુધી પૂરી પાડવામાં આવી છે. તપાસ હવે અંતિમ તબક્કામાં છે, તો એરોપ્લેન ક્રેશ થવાના કિસ્સામાં ભોગ બનનારા લોકો સાથે સંપર્ક ન થતો હોવા અંગે કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, જે સ્થિતિ છે તેનું મોનિટરિંગ કરી રહ્યા છે. વળતર મળે તેની તકેદારી રાખવામાં આવી રહી છે. યોગ્ય રીતે તેમાં તપાસ કરવામાં આવી રહી છે. આ પહેલા સિવિલ એવિયેશન મનિસ્ટર રામમોહન નાયડુએ માર્ચ મહિનામાં રાજ્યસભામાં જણાવ્યું હતું કે, એર ઈન્ડિયાની ફ્લાઈટ AI171 ક્રેશની તપાસ તેજ ગતિથી આગળ વધી રહી છે. તપાસ રિપોર્ટ એક વર્ષની અંદર આવી જશે. રાજ્યસભામાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન મંત્રીએ આ જવાબ આપ્યો હતો. તેઓએ કહ્યું હતું કે, સરકાર એરક્રાફ્ટ એક્સીન્ડટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરોને તમમ જરૂરી મદદ કરી રહી છે, જે તપાસ કરે છે. ગત વર્ષે જુન મહિનામાં AI171 એર ઈન્ડિયાનું પ્લેન અમદાવાદમાં ક્રેશ થયું હતું. અમદાવાદથી લંડન ગૈટવિક માટે નીકળેલી ફ્લાઈટ છૈં૧૭૧ ઓપરેટ કરનારુ બોઈંગ ૭૮૭-૮ એરક્રાફ્ટ ૧૨ જુન, ૨૦૨૫ના રોજ ટેકઓફ કર્યાના ગણતરીના સેકન્ડ્સમાં જ ક્રેશ થયું હતું, જેમાં ૨૪૧ મુસાફરો અને ક્રુ મેમ્બર્સ સહિત કુલ ૨૬૦ લોકો સવાર હતા. આ તમામના મોત નિપજ્યા હતા, જેમાં માત્ર એક મુસાફર બચી શક્યો હતો. આ અકસ્માતની તપાસ AAIB કરી રહ્યું છે.

### ટ્રમ્પે કાર્યવાહીને ગણાવી 'લવ ટેપ'

# ઈરાનના કેશમ અને બંદર અબ્બાસ પર અમેરિકાના ભીષણ હુમલા

## ઈરાની અધિકારીઓએ આરોપ લગાવ્યો છે કે અમેરિકાએ સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે અને સામાન્ય નાગરિક વિસ્તારોને નિશાન બનાવ્યા છે

વોશિંગ્ટન, તા.૮

અમેરિકા અને ઈરાન વચ્ચે સીઝફાયર હોવા છતાં બંને દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં અમેરિકન ડિસ્ટ્રોયર (યુદ્ધ જહાજો) ને નિશાન બનાવીને મિસાઈલ હુમલા કર્યા બાદ અમેરિકાએ આક્રમક જવાબી કાર્યવાહી કરી છે. અમેરિકન સેનાએ ઈરાનના કેશમ અને બંદર અબ્બાસ સ્થિત સૈન્ય ઠેકાણાઓ પર બોમ્બમારો કર્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલાઓને 'લવ ટેપ' ગણાવી ઈરાનને કડક ચેતવણી આપી છે.અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, ૭ મેના રોજ જ્યારે અમેરિકન નૌકાદળના ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર હોર્મુઝ સ્ટ્રેટના આંતરરાષ્ટ્રીય જળમાર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ઈરાને ડ્રોન, મિસાઈલો અને નાની નૌકાઓ મોકલીને તેમને નિશાન બનાવ્યા હતા. અમેરિકાએ આ તમામ ખતરાઓને નષ્ટ કરીને ઈરાનના તે સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કર્યો જ્યાંથી મિસાઈલ અને ડ્રોન લોન્ચ કરવામાં આવ્યા હતા. આ હુમલાઓમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અને ગુપ્તચર સર્વેલન્સ કેન્દ્રોને પણ ધ્વસ્ત કરવામાં આવ્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પની પ્રતિક્રિયાટ્રમ્પે સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે અમેરિકાના ત્રણ વિશ્વસ્તરીય ડિસ્ટ્રોયર સુરક્ષિત રીતે પસાર થયા છે. તેમણે કહ્યું કે ઈરાની ડ્રોનને હવામાં જ સળગાવી દેવામાં આવ્યા હતા, જે સમુદ્રમાં કોઈ પતંગિયું પોતાની કબર તરફ જતું હોય તેમ પડતા દેખાયા હતા. ટ્રમ્પે વધુમાં ઉમેર્યું કે ઈરાન કોઈ સામાન્ય દેશ નથી અને ત્યાંનું નેતૃત્વ યોગ્ય રીતે કામ કરી રહ્યું નથી.અમેરિકી હુમલા બાદ ઈરાને તેની રાજધાની તેહરાનમાં એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય કરી દીધી છે. ઈરાની અધિકારીઓએ આરોપ લગાવ્યો છે કે અમેરિકાએ સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે અને સામાન્ય નાગરિક વિસ્તારોને નિશાન બનાવ્યા છે. ઈરાને પણ વળતો પ્રહાર કરવાની તૈયારી દર્શાવી છે. દરમિયાન, સમાચાર મળ્યા છે કે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પશ્ચિમ એશિયા માટે ૨૫.૮ અબજ ડોલરના હથિયાર પેકેજને મંજૂરી આપી દીધી છે, જે સૂચવે છે કે સ્થિતિ આગામી દિવસોમાં વધુ ગંભીર બની શકે છે.




### માનવ વસાહતમાં સિંહોની અવરજવર વધી

# સાવરકુંડલાનાં થોરડી ગામે વ્હેલી સવારે ૨ સિંહોએ કર્યુ વાછરડીનું મારણ

**ગ્રામજનોમાં ભયનો માહોલ ઉભો થયો**

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં માનવ વસાહતમાં અવારનવાર સિંહ, દીપડા જેવા પ્રાણીઓ ધ્વારા થતાં પશુઓનાં મારણની ઘટના બની રહી છે. દિ'ઉગેને કોઈને કોઈ માનવ વસાહતમાં ઘટના બનતાં ગીરકાંઠા વિસ્તારનાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે.

દરમિયાનમાં સાવરકુંડલાનાં થોરડી ગામે વ્હેલી સવારે ૨ સિંહોએ વાછરડીનું મારણ કર્યાની ઘટના બની છે. વનવિભાગે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરેલ છે.


તસ્વીર : રસુલખાન પઠાણ-થોરડી

### સિમેન્ટનાં સેમ્પલ ક્યુબ કેમ ભરાવ્યા તેમ કહીને

# જાફરબાદનાં ચિત્રાસર ગામે પ્રોજેકટ સુપરવાઈઝર ઉપર લોખંડનાં સળીયા વડે હુમલો

**સુપરવાઈઝરે સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૮

જાફરાબાદ તાલુકાનાં ચિત્રાસર ગામે મંદિર વિસ્તારમાં રહેતાં મુકેશભાઈ આતુભાઈ બાંભણીયા નામના ૩૩ વર્ષીય યુવક ગત તા. ૭નાં રોજ બપોરે ૧૨ વાગ્યા સમયે કાગવદર ગામે આવેલ સોલાર પ્રોજેકટની સાઈટ ખાતે સુપરવાઈઝર તરીકે કામ કરતા હતા. અને જેમાં આરોપી રવજીભાઈ નારણભાઈ ડાભી અને અન્ય મજુરો કામ કરવા આવતા હોય અને આશરે બે દિવસ પહેલા આ યુવકે તેના નીચે કામ કરતા મજુરોને સીમેન્ટનાં સેમ્પલ કયુબ ભરવાનુ કામ કરાવેલ હતું. જે વાત આરોપી રવજીભાઈને ગમતી ન હતી. જેથી તે વાતનુ મનદુઃખ રાખી મુકેશભાઈ પ્રોજેકટની સાઈટ ઉપર આવેલ હતાં અને ત્યાં આવેલ એક ખીજડાનાં ઝાડ પાસે ઉભેલ હતા. ત્યારે આરોપીએ લોખંડનો સળીયો લઈને યુવક પાસે આવીને લોખંડનાં સળીયાનો એક ઘા યુવકનાં માથામાં મારેલ હતો. પણ

અનુસંધાન પાના ૬ ઉપર

### માર્ગ સલામતી ઝુંબેશ અંતર્ગત

# અમરેલીમાં ગેરકાયદે LED લાઈટસ અને ઓવરલોડ વાહનો સામે RTOની કડક કાર્યવાહી

**જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં અંદાજે રૂા. ૯૬ લાખથી વધુના દંડની વસૂલાત**

અમરેલી, તા. ૮

અમરેલી એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અને ટ્રાફિક નિયમોનું ચુસ્તપાલન કરાવવાના ઉદ્દેશ્ય સાથે શહેર તેમજ જિલ્લામાં ખાસ ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત જુદી-જુદી ટીમો બનાવી નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો સામે કડક હાથે કામગીરી કરવામાં આવી છે. જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૬ દરમિયાન અનઅધિકૃત એલ.ઈ.ડી. લાઈટસ : કુલ ૨૪૯ કેસોમાં રૂ. ૨,૪૯,૦૦૦, નંબર પ્લેટ વગરના વાહનોઃ ૧૧૨ કેસોમાં રૂા. ૧,૦૨,૯૦૦, નો પાર્કિંગ : ૧૦૦ કેસોમાં રૂા. ૫૦,૦૦૦, વધુ ઝડપ (Over speed) : ૧૫૬૯ કેસોમાં રૂા. ૩૧,૩૮,૦૦૦, ઓવર ડાયમેન્શન : ૧૯૫ કેસોમાં રૂા. ૪,૧૯,૦૦૦, ઓવરલોડ વાહનો : ૧૨૭ કેસોમાં રૂા. ૧૩,૦૭,૦૦૦ દંડની વસૂલાત કરવામાં આવી છે. આમ અન્ય કુલ મળીને ૪,૨૩૬ જેટલા કેસ નોંધવામાં આવ્યા હતા અને કુલ રૂા. ૯૬,૪૫,૯૯૪નો દંડ કરવામાં આવ્યો હતો. આર.ટી.ઓ. તંત્ર દ્વારા લેવામાં આવેલ આ કડક પગલાંનો મુખ્ય હેતુ માર્ગ અકસ્માતની સંખ્યા ઘટાડવાનો અને નાગરિકોની સુરક્ષામાં વધારો કરવાનો છે.




### સુરત સ્થિત ઉદ્યોગપતિ ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા આયોજન

# બાબરા : ચમારડી ખાતે આજે નદી નવનિર્માણ અંતર્ગત આજે સાધુ-સંતોની પધરામણી અને સંતવાણી

**જાહેર જનતાને સંતવાણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયું**







અમરેલી, તા. ૮

બાબરાનાં ચમારડીનાં વતની અને સુરત સ્થિત ઉદ્યોગપતિ ગોપાલભાઈ વસ્તરપરા ધ્વારા તેમની જન્મભૂમિ ચમારડી ખાતે નદીનું નવનિર્માણ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત આવતીકાલ શનિવારે રાત્રિનાં ૯ કલાકે મહંત શ્રી નિર્મળા બા, મહંત શેરનાથબાપુ અને આઈશ્રી દેવલ માની ઉપસ્થિતિમાં નારાયણ ઠાકર અને શિવરાજભાઈ વાળા ધ્વારા લોકડાયરો અને સંતવાણી કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સમગ્ર પંથકની જનતાને સાધુ-સંતોનાં આશીર્વાદ લેવા અને સંતવાણીનો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

### કડક દંડ ફટકારવાનો આદેશ અપાયો

# વાહનો પર જાતિસૂચક શબ્દો લખશો તો થશે મોટો દંડ

**વિભાગે ચેતવણી આપી છે કે, તમામ વાહન માલિકો એક મહિનાની અંદર જાતિસૂચક શબ્દો અથવા સ્ટીકરો હટાવી દે**

નવી દિલ્હી, તા. ૮

આમ તો સામાન્ય રીતે વાહન પર રજીસ્ટ્રેશન નંબર પ્લેટ અને જે-તે વાહન કંપનીનું નામ હોય છે, જ્યારે અન્ય કોઈ શબ્દો લખવા ગુનો બને છે. હાલના સમયમાં અનેક વાહનો પર જાતિસૂચક શબ્દો લખાયેલા જોવા મળે છે, ત્યારે હવે આવા શબ્દો વાહન પર લખાયેલા જોવા મળશે તો કડક દંડ ફટકારવાનો આદેશ અપાયો છે.

બિહારમાં પરિવહન વિભાગે તમામ વાહનો પરથી જાતિસૂચક શબ્દો હટાવવાનો કડક

અનુસંધાન પાના ૬ ઉપર










### ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત

# લીલીયા મોટામાંથી ગુમ થયેલ બાઈક મુળ માલીકને પરત સોંપવામાં આવી

**સ્થાનિક પોલીસની કામગીરી પ્રશંસાપાત્ર**

અમરેલી, તા. ૮

લીલીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. વાય.એમ. જાડેજાની રાહદરી હેઠળ લીલીયા પોલીસ સ્ટેશનના મિલ્કત ગુમની અરજીઓ અનુસંધાને લીલીયા પોલીસ ટીમ દ્રારા સઘન અભ્યાસ કરી ટેક્નીકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મિલ્કત શોધી મુળ માલીકીને પરત કરી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત હરેશભાઈ જયંતિભાઈ બારડ

અનુસંધાન પાના ૬ ઉપર






*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)